Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ સંસારના રંગ ... ... ... ... વિનયકાંત કાંતિલાલ મહેતા ૯૭
૨ શ્રી રત્નાકર પંચવિંશતિનો ગુજરાતી કાવ્યાનુવાદ. ... ... ... ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા. ૯૮
૩ શ્રી તીર્થંકરચરિત્ર. ... ... ... મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ. ૧૦૧
૪ કર્મપરિણામાદિની મૂકેલી ... રાક્ષસીઓનું સ્વરૂપ. ... ... ... સદ્દ્‌૦ શ્રી કર્પૂરવિજયજી મ૦ ૧૦૫
૫ અમારી પૂર્વદેશની યાત્રા ... ...મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. ૧૦૯
૬ દ્રવ્યગુણ પર્યાય વિવરણ... ... ... શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા ૧૧૩
૭ પૂજનની સફળતા. ... ... ... રા. ચોકશી. ... ૧૧૬
૮ વર્ત્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૧૧૭
૯ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૧૧૯



## ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

### द्वितीय अंशः બીજો ભાગ.

સંપાદકો તથા સંશોધકો—મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ બીજા અંશમાં આઠમાથી અઠ્ઠાવીશમા સુધી ૨૧ લંભકો આવેલા છે. જે ૧૦૪૮૦ શ્લોકોમાં પૂર્ણ થાય છે.

આ પ્રથમ ખંડનો, તથા કર્ત્તા મહાત્માનો પરિચય અને આ ગ્રંથ કેટલો ઉચ્ચ કોટીનો છે, પરિશિષ્ટોને લગતો વિશેષ પરિચય, પ્રસ્તાવના, વિષયાનુક્રમ, કોષ આદિ સાથે હવે પછી પ્રકટ થતા ત્રીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા-સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. કિંમત રૂા. ૩-૮-૦ સાડા ત્રણ રૂપિયા ( પોસ્ટેજ જુદું ) રાખવામાં આવેલ છે. ઇતિહાસિક પ્રાચીનમાં પ્રાચીન કથાસાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા હોવાથી આર્થિક સહાયની જરૂર છે.

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—"आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य" इति । आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने । एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते । ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते ? विषयान्तरज्ञानमेवह्यज्ञानरूपं दुःखं छिन्द्यात् । नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीरपरिग्रहे दुःखितत्वात्, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण–श्री हेमचन्द्रसूरि.

पुस्तक ३० } वीर सं. २४५९. मार्गशिर्ष. आत्म सं. ३७. { अंक ५ मो.

## સંસારના રંગ.

( પીલુ )

બધા જાણે છે સંસારના,
સહુ રંગ ખોટા છે;
પણ ત્યજનાર એના,
સદાય ઓછા છે.
કહે છે સૌ સદા સત્યના,
પ્રભાવ મોટા છે;
પણ વદનાર સત્યના,
જગમાં ઓછા છે.
કહે છે સંત વિલાસના,
ફળ અતિ ખોટા છે;
પણ ત્યાગી એ વાસનાના,
બહુ બહુ ઓછા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુણે છે સૌ અભિમાનના,
વિપાક ખોટા છે;
પણ-પણ વિરક્ત એના,
વિરલા ઓછા છે.
યશ મોટા કમાવા માટે,
આચાર ધર્મના થાતા;
પણ અંતરના આ જગે,
ધર્મી કોક જ જડતા.
બાકી બધા બાહ્ય ધર્મના,
પ્રેમી સૌ ખોટા છે;
ખરા ધર્મના આંતર પ્રેમીને,
દંભાચાર ઓછા છે.
એ ધર્મના સત્યાર્થીને,
સંસારના રંગ ખોટા છે.

વિનયકાંત કાંતિલાલ મહેતા.
—: અમદાવાદ :—

# શ્રી રત્નાકર પંચવિંશતિનો ગુજરાતી કાવ્યાનુવાદ.

( અ. ક. ) ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા એમ. બી. બી. એસ.

( ગતાંક પૃષ્ઠ ૭૧ થી શરૂ )

વસંતતિલકા વૃત્ત.

મેં અન્ય મંત્રથી હણ્યો પરમેષ્ટિ મંત્ર,
લોપી કુશાસ્ત્રથકી આગમવાણી અત્ર;
વાંચ્છયું વૃથા કરવું કર્મ કુદેવસંગે,
હે નાથ ! મ્હારી મતિનો ભ્રમ આ પ્રસંગે. ૧૨

મેં દષ્ટિગોચર થયેલ તને મૂકીને,
ધ્યાવ્યા હૃદે અતિ વિમૂઢ મતિ ધરીને;
ગંભીર નાભિ કટી કુચ[1] કટાક્ષ કેરા,
વિલાસ રે ! વર વિલા[2]સિનીએ કરેલા. ૧૩

૧. સ્તન. ૨. સ્ત્રી, રમણી, ચંચળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રે ! ચંચળા વદન ફેરી નિરીક્ષણાથી,
લાગ્યો જ રાગલવ જે મનમાંહિ આથી;
સિદ્ધાંત—શુદ્ધ જલધિ મહિં તેહ ધોયે,
તોયે ગયો નહિ,—શું તારક ! હેતુ હોયે ? ૧૪

ના દેહ સુંદર ન ગુણગણોય ખાસ,
ના નિર્મળો વળીય કોઇ કલાવિલાસ;
સ્ફુરંત કાંતિયુત કો પ્રભુતા ન હોય,
રે ! હું કદર્થિત અહંમતિથીય તોય ! ! ૧૫

* આયુ ગળે ઝટ, ન પાપમતિ વિલાસ !
ચાલી ગઇ વય, નહિ વિષયાભિલાષ ! !
ને યત્ન ઔષધવિધે, નહિ ધર્મમાંહી ! ! !
મ્હા મોહથી મુજ વિડંબન નાથ ! આંહી ૧૬

" આત્મા ન ના ભવ ન પુણ્ય ન પાપ તેમ, "
વાણી ખલોતણી કટુ પણ એહ એમ;
મેં ધારી કાન પર,—કેવલ[1]ભાનુધાર,
તુંહી પરિ[2]સ્ફુટ છતાંય,—મને ધિક્કાર ! ૧૭

ના દેવપૂજન ન પાત્રપૂજાય તેમ,
ના શ્રાદ્ધધર્મ ન વળી મુનિધર્મ એમ;
પામ્યા છતાંય નરનો ભવ આ અતુલ્ય,
મેં આ કીધું બધું અરણ્યવિલાપ તુલ્ય. ૧૮

મેં તો સ્પૃહા કરી અસત્ પણ કલ્પદ્રુમાં,
ચિન્તામણિ સમ જ કામદ ધેનુકામાં;
ના જૈન ધર્મમહિં જે સ્ફુટ શર્મ[3]દાયી,
જુઓ જિનેશ ! મુજ વિમૂઢ ભાવ તા[4]યી ! ૧૯

---

* લગભગ આવા જ ભાવનો શ્લોક શ્રી જ્ઞાનાર્ણવમાં છે—

" शरीरं जीर्यते नाशा गलत्यायुर्न पापधीः ।
मोहः स्फुरति नात्मार्थः पश्य वृत्तं शरीरिणाम् ॥ "

( વૈતાલિક )

અર્થાત્—

જરતું વપુ, આશ ના જરે !
ગળતું આયુ, ન પાપધી ગળે ! !
વળી મોહ સ્ફુરે, સ્વ અર્થ ના ! ! !
નિરખો પ્રાણિતણું ચરિત્ર આ ! ( ભ. મ. મહેતા )

૧. કેવળજ્ઞાનરૂપ સૂર્યથી યુક્ત. ૨ સર્વથી સ્ફુટ. ૩. સુખ-શાંતિદાયક. ૪. તારનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીલા સુભોગતણી,—રોગ પીડા ન આંહી,
ને આવવું ધનનું,—નિધન[૫]નું જ નાંહિ;
ને નારી ચિંતી,-પણ નર્કની નિગ[૬]ડા ના,
ચિન્ત્યું જ એ અધમ મેં નિત ચિત્તમાં હા ! ૨૦

સાધુ હૃદે સ્થિત ન સાધુ ચરિતદ્વારા,
અર્જ્યો ન મેં યશ કરીય પરોપકારા;
કીધું નહિં તીરથઉદ્ધરણાદિ કાર્ય,
હારી ગયો જ ભવ ફોગટ જિનરાય ! ૨૧

વૈરાગ્યરંગ ન ગુરૂઉપદેશ પામ્યે,
શાંતિ ન દુર્જનતણા વચનોય જામ્યે;
અધ્યાત્મલેશ નહિ કો પણ દેવ ! મારો,
કેમે તરાય ભવસાગર આ અપારો ? ૨૨

મેં પુણ્ય પૂર્વ ભવમાં ન કીધુંજ ઇશ !
આગામી રે ! જનમમાં પણ ના કરીશ;
ને એહવા સ્વરૂપથી યુત હું જ દૃષ્ટ,
ભાવિ ભ[૧]વદ્ ભૂત ભવો ત્રણ તેથી નષ્ટ. ૨૩

વા ભાખું ફોગટ જ અમૃત ભોગ'નાર !
તારી સમીપ સ્વચરિત બહુ પ્રકાર;
તું તો ત્રિભુવન સ્વરૂપ નિરૂપનાર,
આની વિશાત અહિં શું ? પ્રભુ ! પૂજ્ય સાર ! ૨૪

શાર્દૂલવિક્રીડિત—

' જ્યાં દીનોદ્ધરણે ધુરંધર[૨] બીજો અર્હંત ! તુંથી નથી,
હુંથી પાત્ર કૃપાતણું પર નથી, શ્રી યાચતો [૩]આ નથી;
કિંતુ હે " ભગવાન ! " આજ જિન હે ! આવાસ માંગલ્યના,
પ્રાર્થું બોધિ સુરત્ન શ્રેયકર હે ! શિવશ્રી " રત્નાકરા ![૪] " ૨૫

—卐—

૫. મરણ. ધનનું આગમન ચિન્તવ્યું પણ નિધનનું (મરણનું) આગમન ન ચિન્તવ્યું.
૬. બેડી જંજીર.
૧. વર્તમાન.
૨. ધુરાને ધારણ કરે તે ધુરંધર, અગ્રણી, નેતા.
૩ આ બાહ્ય લક્ષ્મી હું યાચતો નથી.
૪. સમુદ્ર અથવા રત્નાકરસૂરિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગિઆર અંગમાં નિરૂપણ કરેલ-
# શ્રીતીર્થંકરચરિત્ર.

## શ્રી જ્ઞાતાસૂત્ર.

( ગતાંક પૃષ્ઠ ૮૦ થી શરૂ. )

ત્યારબાદ તે અરહન્નક ઉપસર્ગ શાંત થયો છે એમ વદી પ્રતિમાને પારે છે ત્યારે તે અરહન્નક વિગેરે વહાણવટીઓ દક્ષિણાનુકૂળ પવનવડે જ્યાં **ગંભીર**બંદર છે ત્યાં આવે છે. વહાણોને લંગારે છે, ગાડા-ગાડી તૈયાર કરે છે, તૈયાર કરીને તેમાં ગણિમ વિગેરે દ્રવ્યો વિગેરે ભરે છે, ભરીને ગાડા-ગાડીઓને જોડે છે, જોડીને જ્યાં **મિથિલા** નગરી છે ત્યાં આવે છે, આવીને મિથિલા રાજધાનીની બહાર મ્હોટા ઉદ્યાનમાં ગાડા-ગાડીને મૂકે છે, મૂકીને મિથિલા રાજધાનીથી બહુકીમતી મોંઘા મોટા સત્કારયોગ્ય વિશાલ રાજાને લાયક ભેટણા સંબંધી કુંડલની જોડી ખરીદે છે, ખરીદીને પ્રવેશ કરે છે, પેસીને જ્યાં કુંભરાજા છે ત્યાં આવે છે, આવીને બે હાથ જોડી-૦ તે મહામૂલ્ય વાળી દીવ્ય કુંડલ જોડી સામે ધરે છે, નજરાણું થઇ રહ્યું ત્યારે રાજા તે સાંયાત્રિકોના નજરાણાને સ્વીકારે છે, સ્વીકારીને વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા મલ્લિકુમારીને બોલાવે છે, બોલાવીને વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા મલ્લિકુમારીને તે કુંડલો પહેરાવે છે, પહેરાવીને રવાના કરે છે.

ત્યારબાદ તે કુંભરાજા તે અરહન્નક વિગેરે વ્યાપારીઓના ઘણા અશન, વસ્ત્ર, ગંધ વિગેરેની જકાત માફ કરે છે, રાજમાર્ગમાં રહેલ મહેલ આપે છે અને રવાના કરે છે, ત્યારે અરહન્નક વિગેરે વ્યાપારીઓ જ્યાં રાજમાર્ગમાં રહેલો મહેલ છે, ત્યાં આવે છે વસ્તુઓ વેચે છે વેચીને નવી ચીજો ખરીદે છે, ખરીદીને ગાડા-ગાડી ભરે છે, જ્યાં ગંભીર પોતપટ્ટન છે ત્યાં આવે છે, વહાણોને તૈયાર કરે છે, તૈયાર કરી તેમાં વસ્તુઓ ભરે છે, દક્ષિણાનુકૂલ પવનવડે જ્યાં **ચંપા**નું બંદર છે ત્યાં વહાણોને લંગારે છે, ગાડીઓ તૈયાર કરે છે, તેમાં ગણિમ વિગેરે વસ્તુઓ ભરે છે, યાવત્ મહામૂલ્યવાન ભેટણા લાયક દીવ્ય કુંડલ જોડીને ખરીદે છે, ખરીદીને જ્યાં **ચંદ્રછાય** અંગનરેશ છે ત્યાં આવે છે. મહામૂલ્યવાળા યાવત....(કુંડલો) સામે ધરે છે, ત્યારે અંગાધિપતિ **ચંદ્રછાય** રાજા તે દીવ્ય મહાકીમતી કુંડલ જોડીને સ્વીકારે છે, સ્વીકારીને તે અરહન્નક વિગેરેને આ પ્રમાણે પૂછે છે. હે દેવાનુપ્રિયો ! તમો અનેક ગામોમાં, આકરમાં યાવત્....ભમો છો, વહાણોવડે વારે ઘડીએ લવણસમુદ્રને ખેડો છો-ફરો છો તો કોઇ સ્થાને કયાંય ન જોયું હોય એવું આશ્ચર્ય જોયું છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તે અરહન્નક વિગેરે ચંદ્રછાય અંગરાજાને આ પ્રમાણે કહે છે. હે **સ્વામી**! ખરેખર અમે ચંપાનગરીમાં અરહન્નક વિગેરે અને વહાણવટીઓ રહીએ છીએ. ત્યારે અમે અન્યદા કયારેક ગણિમ વિગેરે તે જ રીતે અહીનમતિ-રહિત યાવત્....**કુંભ**રાજા પાસે ગયા. ત્યારે તે કુંભરાજાએ વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા **મલ્લિ**કુમારીને તે દિવ્ય કુંડલજોડી પહેરાવી હતી, પહેરાવીને વિસર્જન કરી.

તો હે સ્વામિન્! આ કુંભરાજભૂપની મલ્લિકુમારી વિદેહમાં આશ્ચર્યરૂપ દેખી છે. ખરેખર કોઇ અન્ય દેવકન્યા, યાવત્....તેવી નથી કે જેવી **મલ્લિ-કુમારી-વિદેહીકન્યા** છે.

ત્યારે ચંદ્રછાય-અંગનરેશ તે અરહન્નક વિગેરેને સત્કારે છે-સન્માને છે. સન્માનિત કરીને રવાના કરે છે.

ત્યારબાદ **ચંદ્રછાય** વ્યાપારીઓએ ઉત્પન્ન કરાવેલ પ્રેમથી દૂતને બોલાવે છે, યાવત્....જો કે તે સ્વયં રાજશુકલરૂપ છે. ત્યારે તે દૂત હર્ષિત, યાવત્.... **જવાને માટે પ્રયાણ કરે છે (સૂત્ર ૭૦)**

તે કાલે અને તે સમયે **કુણાલ** નામે દેશ હતો, ત્યાં **શ્રાવસ્તી** નામે નગરી હતી, ત્યાં કુણાલનો અધિપતિ **રૂપ્પી** નામે રાજા હતો, તે રૂપ્પી (રૂક્મી)ની પુત્રી ધારિણીની આત્મજા **સુબાહુ** નામે કન્યા હતી. સુકુમાલ હાથપગવાળી રૂપવડે યૌવનવડે તથા લાવણ્યવડે ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ શરીરવાળી બની હતી. તે સુબાહુ કન્યાને અન્યદા ચાતુર્માસિક સ્નાનની પૂજા આવી. ત્યારે તે કુણાલાધિપતિ રૂપ્પી (રૂક્મી) સુબાહુ કન્યાનો ચોમાસીસ્નાન-પૂજા નજીકમાં આવી છે એમ જાણે છે, જાણીને કૌટુંબિક પુરૂષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે. ખરેખર દેવાનુપ્રિયો! સુબાહુકુમારીનું કાલે ચૌમાસીસ્નાન થશે તો તમે કાલે સવારે રાજમાર્ગમાં રહેલ ચોકમાં પાણીની તથા ભૂમિની પાંચ રંગી માલાઓ એકઠી કરો, યાવત્....શ્રીદામગંડને લટકાવે છે.

ત્યારે તે કુણાલાધિપતિ રૂપ્પી (રૂક્મી) રાજા સોનીની ટોળીને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે-હે દેવાનુપ્રિયો! તમો જલ્દી રાજમાર્ગમાં રહેલ પુષ્પમંડપમાં વિવિધ જાતના પંચરંગી ચોખાવડે **નગર**ને આળેખો, તેના બહુ મધ્ય ભાગમાં **પટ્ટક** બનાવો, બનાવીને યાવત્...આજ્ઞા પાછી આપે છે.

ત્યારે તે કુણાલાધિપતિ રૂપ્પી (રૂકમી) હાથીના સ્કંધપર બેસીને ચાતુરંગીણી સેના સાથે મોટા ભટ-૦ અંતઃપુર પરિવારથી વિંટાએલો સુબાહુ કુમારીને આગળ કરીને જ્યાં રાજમાર્ગ છે, જ્યાં પુષ્પમંડપ છે ત્યાં આવે છે આવીને હાથીના સ્કંધથી ઉતરે છે, ઉતરીને ફુલના માંડવામાં પેસે છે. સિંહાસન પર પૂર્વાભિમુખપણે બેસે છે. ત્યારબાદ તે અંતેઉરીઓ સુબાહુ કન્યાને પટ્ટક પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચડાવે છે, ચડાવીને સફેદ-પીળા કલશોવડે ન્હવરાવે છે, નવરાવીને સર્વ અલંકારોથી વિભૂષિત કરે છે, તેમ કરીને પિતાના પગે નમસ્કાર કરવાને મોકલે છે, ત્યારે સુબાહુકુમારી જ્યાં રૂપ્પી (રૂક્મી) રાજા છે ત્યાં આવે છે, આવીને પગોને પકડે છે, ત્યારે તે રૂપ્પી (રૂક્મી) રાજા સુબાહુકુમારીને ખોળામાં બેસાડે છે, બેસાડીને સુબાહુ કન્યાને રૂપવડે, યૌવનવડે, લાવણ્યવડે યાવત્....વિસ્મયથી **વર્ષધરને** બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે-હે દેવાનુપ્રિય તમે મારા દૂત તરીકે ઘણા ગામ-આકર-નગર અને ઘરોમાં પેસો છો, તો કોઇ રાજા કે શ્રેષ્ઠીને ત્યાં કયાંઇ પૂર્વે આવું મજ્જન દેખ્યું છે? કે જેવું આ સુબાહુ કન્યાનું મજ્જન છે.

ત્યારબાદ તે વર્ષધર રૂપ્પી (રૂક્મી) ને બે હાથ જોડીને આ પ્રમાણે કહે છે-હે સ્વામી! એ રીતે ખરેખર કયારેક તમારા દૂતકર્મ માટે **મિથિલા** ગયો. ત્યાં મેં કુંભરાજાની પુત્રી પ્રભાવતી રાણીની આત્મજા વિદેહની શ્રેષ્ઠ રાજકન્યાં મલ્લિકુમારીનું મજ્જન જોયું છે, જેની તુલનામાં આ સુબાહુકુમારીનું મજ્જન-સ્નાન લાખમા ભાગે પણ શોભતું નથી. ત્યારબાદ તે રૂપ્પી (રૂક્મી) રાજા વર્ષધરની પાસે એ કથન સાંભળીને વિચારીને બાકી તેજ પ્રમાણે.

સ્નાનકારકે ઉત્પન્ન કરાવેલ પ્રેમથી દૂતને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે-(દૂત) જ્યાં મિથિલા નગરી છે ત્યાં જવા ઉપડે છે. (સૂત્ર ૭૧)

તે કાલે તે સમયે **કાશી** નામે દેશ હતો. ત્યાં **વારાણસી** નામે નગરી હતી ત્યાં **શંખ** નામે કાશીનરેશ હતો.

ત્યારે અન્યદા કોઇ દિવસે તે વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા મલ્લિકુમારીના તે દીવ્ય કુંડલોની સાંધ છુટી પડી ગઇ. ત્યારે તે કુંભરાજા સોનીના સમુદાયને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે-હે દેવાનુપ્રિયો! તમો આ દીવ્ય કુંડલ જોડીની સાંધ જોડી દ્યો. ત્યારે તે સોનીનો સમુદાય આ કથનને "તેમ હો" કહીને સાંભળે છે, સાંભળીને તે દીવ્ય કુંડલયુગલને લ્યે છે, લઇને જ્યાં સોનીની દુકાનો (આસનો) છે ત્યાં આવે છે, આવીને તેમાં પ્રવેશ કરે છે, પેસીને ઘણા પ્રયત્નો, યાવત્....ફેરવતા તે દીવ્ય કુંડલયુગલની સાંધને જોડવા ઇચ્છે છે પણ તે જોડી શકતા નથી.

ત્યારબાદ તે સોનીમંડળ જ્યાં કુંભરાજા છે ત્યાં આવે છે. આવીને હાથ જોડીને વધાવીને એ પ્રમાણે કહે છે-હે સ્વામી! એ રીતે ખરેખર આજે તમે અમોને બોલાવ્યા, બોલાવીને યાવત્...સાંધ જોડીને આવવાને કહ્યું. ત્યારે અમે તે દીવ્ય કુંડલયુગલ લીધા. જ્યાં સોનીઓની દુકાનો છે, યાવત્....જોડી શકયા નહીં.

તો હે સ્વામી! અમે આ દીવ્ય કુંડલ જેવા અન્ય કુંડલયુગલને ઘડીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તે કુંભરાજા તે સોનીમંડલ પાસેથી આ કથન સાંભળીને-અવધારીને ક્રોધિત બની ભવાંની ત્રણ વળીઓને લલાટમાં ખેંચીને આ પ્રમાણે કહે છે-શું તમો સોનીના દીકરા છો ? કે તમો આ કુંડલજોડીની સાંધને જોડી શકતા નથી. એમ કહી તે સોનીઓને **હદપાર** કરે છે.

ત્યારબાદ તે સોનીઓ કુંભરાજાએ હદપાર કરવાથી જ્યાં પોતપોતાના ઘરો છે ત્યાં આવે છે, આવીને ભાણુમાત્ર (વિગેરે) ઉપકરણો લઇને મિથિલા રાજધાનીની વચ્ચેથી નીકળે છે, નીકળીને વિદેહદેશના મધ્યમધ્યમાં થઇને જ્યાં **કાશી** દેશ છે, જ્યાં **વારાણસી** નગરી છે ત્યાં આવે છે, આવીને મોટા ઉદ્યાનમાં ગાડી-ગાડાને મૂકે છે, મૂકીને મહામૂલ્યવાળા પ્રાભૃત (ભેટણું) ને લ્યે છે, લઇને વારાણસી નગરીના વચમાં જ્યાં કાશીનરેશ-શંખરાજા છે ત્યાં આવે છે, આવીને હાથ-જોડીને-યાવત્....હે સ્વામી ! એ પ્રમાણે અમો મિથિલા નગરીથી કુંભરાજાનો હદપારનો હુકમ થતાં એકદમ અહીં આવ્યા છીએ તો હે સ્વામી ! અમો ઇચ્છીએ છીએ કે-તમારી **બાહુછાયામાં રહીને** નિર્ભયભાવે નિરૂદ્વેગપણે **સુખે સુખે વાસ કરીએ.**

ત્યારે કાશીનરેશ શંખરાજા તે સોનીઓને આ પ્રમાણે કહે છે-હે દેવાનુપ્રિયો ! કુંભરાજાએ તમોને શામાટે હદપાર કર્યા ?

ત્યારે તે સોનીઓ શંખરાજાને આ પ્રમાણે કહે છે, હે સ્વામી ! ખરેખર એ રીતે કુંભરાજાની પુત્રી પ્રભાવતીરાણીની આત્મની મલ્લિકુમારીના કુંડલયુગલની સાંધ છુટી ગઇ, ત્યારે તે કુંભરાજા સોનીમંડળને બોલાવે છે બોલાવીને, યાવત્.... હદપાર કર્યા, તો હે સ્વામિન્ ! કુંભરાજાએ અમોને આ કારણે હદપાર કર્યા છે, ત્યારે તે શંખરાજા સોનીઓને આ પ્રમાણે કહે છે-હે દેવાનુપ્રિયો ! તે કુંભરાજાની પુત્રી પ્રભાવતીરાણીની આત્મની મલ્લિકુમારી કેવી છે ? ત્યારે તે સોનીઓ શંખરાજને આ પ્રમાણે કહે છે-હે સ્વામી ! ખરેખર અન્ય એવી કોઇ દેવકન્યા નથી, કે ગંધર્વબાલા નથી કે યાવત્ જેવી તે વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા **મલ્લિકુમારી છે.**

ત્યારબાદ તે શંખરાજા કુંડલયુગલજનિતપ્રેમથી દૂતને બોલાવે છે, યાવત્.... તે જ રીતે જવા પ્રયાણ કરે છે. ( સૂત્ર ૭૨ ). —( ચાલુ ).

—卐卐卐—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મપરિણામાદિની મૂકેલી રાક્ષસીઓનું સ્વરૂપ.

## ( શ્રી વિમળાચાર્ય કેવલી ભગવાને ગુણધારણ રાજાને આપેલો ઉપદેશ )

( સંગ્રાહક-સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી-સિદ્ધક્ષેત્ર. )

ગતાંક પૃષ્ઠ ૮૬ થી શરૂ.

**ખલતા-દુર્જનતાઃ**—૪ રાજન્ ! કર્મપરિણામ રાજાના પાપોદય નામના સેનાપતિની આજ્ઞાથી આ ખલતા નામની રાક્ષસી વિશ્વના જીવોને હેરાન કરે છે. કેટલાક દુર્જન મનુષ્યોના સંગને દુર્જનતા પ્રાપ્ત થવામાં કારણરૂપ માને છે, પણ તાત્ત્વિક રીતે પાપના ઉદયમાંથી આ દુર્જનતાની ઉત્પત્તિ થાય છે. દુર્જન પુરૂષોનો સંગ પણ પાપના ઉદયથી થાય છે.

મનુષ્યના શરીરમાં પ્રવેશ કર્યા પછી દુર્જનતા વિવિધ પ્રકારે પોતાની શકિત જીવને બતાવે છે. પાપની ઇચ્છા, તેવા કાર્ય તરફનો પ્રેમ, તે માટે વપરાતી લુચ્ચાઇ, ચાડીચુગલી, ખરાબ વર્તન, અપવાદ બોલવા, ગુરૂ-મિત્રાદિનો દ્રોહ કરવો, કૃતઘ્નતા, ઉપકારને બદલે અપકાર, નિર્લજ્જતા, અભિમાન, અદેખાઇ, પરનાં મર્મ ઉઘાડવા, ધૃષ્ટતા અને પરને પીડા ઇત્યાદિમાં પ્રવૃત્તિ કરાવે છે. આ બધો દુર્જનતાનો પરિવાર છે. કર્મપરિણામ રાજાનો સદ્‌ગુણી **પુન્યોદય** નામનો બીજો સેનાપતિ છે તેણે વિશ્વના જીવોને શાંતિ પમાડવા **સજ્જનતા** નામના પોતાના માણસને મોકલેલો છે. તે પોતાની સાથે મહાન્ શક્તિ, ગંભીરતા, વિનય, નમ્રતા, સ્થિરતા, મધુર વચન, પરોપકાર, ઉદારતા, દાક્ષિણ્યતા, કૃતજ્ઞતા, સરલતા વિગેરે પરિવારને લાવીને મનુષ્યોના શરીરમાં પ્રવેશ કરીને તેમને સુંદર બનાવે છે. તેને લઇને તે જીવો ધર્મિષ્ઠ બને છે. ધર્મ તથા લોકોની મર્યાદા પાળે છે, આચારવિચાર સારા કરે છે, અન્યોન્ય મિત્રતા ધરાવે છે, વિશ્વાસુ થઇ નીતિમય જીવન ગુજારે છે, વ્રત, તપ, જપ, જ્ઞાન, ધ્યાન, સંયમ આદિમાં પ્રવૃત્તિ કરે છે. આ પ્રમાણે તે સૌજન્ય જીવો પાસે સારાં કાર્ય કરાવે છે, છતાં આ ખલતાને તે સૌજન્ય સાથે વેર હોવાથી સૌજન્યતાનો નાશ કરીને તેને સ્થાને પોતે રહે છે. આ અમૃત સમાન સુજનતાના જવાથી કાળકૂટ વિષ જેવી આ દુર્જનતા પિશાચિની તે જીવને પોતાના કબજામાં લઇને તેની પાસે કપટ કરાવે છે-બીજાને ઠગાવે છે. જીવો પણ તેને આધિન થઇને દ્વેષ કરે છે, સ્નેહનો ત્યાગ કરે છે, લુચ્ચાઇ કરે છે, સારા કાર્ય ત્યાગે છે, આપસમાં લડે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુટુંબીઓનો પણ વધ કરે છે, બીજાનાં છિદ્રો ઉઘાડા પાડે છે. અન્યને ઉદ્વેગનું કારણ થાય છે, વાતાવરણ ઝેરી બનાવે છે, મનમાં, વચનમાં અને વર્તનમાં વિપરીતતા કરે છે, સ્વાર્થ ખાતર વિવિધ વર્તનો કરે છે. આમ દુર્જનતા નામની ચોથી રાક્ષસી વિશ્વના જીવોને ભવચક્રમાં વિવિધ પ્રકારે હેરાન કરે છે.

**કુરૂપતાઃ**—૫. ગુણધારણ ! નામકર્મ નામના પાંચમા રાજાએ ભવચક્રપુરમાં મોકલેલી આ કુરૂપતા નામની રાક્ષસી છે. આ કુરૂપતાની ઉત્પત્તિ માટે જીવો બહારનાં અનેક કારણો બતાવે છે—જેમકે અનિયમિત ખોરાક, ખરાબ હવાપાણી, અતિ શીત તથા ઉષ્ણ પ્રદેશમાં વિચરવું, એ કારણોને લીધે શરીરમાં કફનો પ્રકોપ થતાં પરિણામે કદરૂપાપણું પ્રાપ્ત થાય છે; પણ આ સર્વ નિમિત્તકારણો છે. તાત્ત્વિક રીતે વિચાર કરતાં આમાં નામકર્મ રાજાની પ્રેરણા જ મુખ્ય કારણ છે. તે મનુષ્યના શરીરમાં પ્રવેશ કરે છે ત્યારથી જીવોનું શરીર આંખને ઉદ્વેગ લાગે તેવું બને છે. લુલા, લંગડા, ઠીંગણા, આંધળા, ખોડવાળા, નબળા, કુબડા, વામણા, લાંબા, ટુંકા આ સર્વ કુરૂપતાનો પરિવાર છે; અને જીવોને તે તે જાતની સ્થિતિમાં લાવી મૂકે છે.

નામકર્મ રાજાને સુરૂપતા નામની બીજી દાસી છે. તેને તેણે ભવચક્રપુરમાં ત્યાંના જીવોને સુખી કરવા માટે મોકલી છે. આ સુરૂપતાની ઉત્પત્તિ માટે લોકો બહારના અનેક કારણો માને છે, પણ ખરી રીતે તેનું મૂળ કારણ નામકર્મની શુભ પ્રકૃતિ જ છે. તેને લઇને જીવોનાં શરીર બહુ જ સુંદર બને છે. તેને જોતાં મનુષ્યોના મન ઠરી જાય છે—પ્રસન્નતા અનુભવે છે. તેઓના ગોળાકાર મુખ, કમળ જેવાં નેત્રો, ગૌરવર્ણ, દરેક અવયવોની સુંદરતા, હાથી જેવી મલપતિ ચાલ, દેવકુમાર જેવું સુંદર રૂપ, ભવ્ય અને ચળકતું લલાટ ઇત્યાદિવાળું ભવ્ય સ્વરૂપ બનાવીને જીવોને આનંદ આપી સુરૂપતા કૃતાર્થ થાય છે; પણ આ બન્નેને આપસમાં દુશ્મનાવટ હોવાથી સુરૂપતાને મારીને તેને સ્થાને કુરૂપતા આવી બેસે છે. તેને લઇને શરીરો કદરૂપ બને છે અને દેખીતાં પણ ખરાબ લાગે છે. તેને જોઈ લોકોને ઉદ્વેગ થાય છે, તેમનું આદેય નામકર્મ નાશ પામે છે, અને બીજાઓને હાંસીનું સ્થાન બને છે. રૂપનો ગર્વ કરનારા બાળજીવો તેને દેખીને હસે છે. આ કદરૂપતાવાળા જીવોમાં બીજા પણ ઘણા થોડા જ ગુણો હોય છે, કેમકે સુંદર આકૃતિમાં ગુણોનો વાસ હોય છે, એમ ઘણાનું માનવું છે તે ઘણે ભાગે યોગ્ય જ છે. આ પ્રમાણે ભવચક્રના લોકોને કુરૂપતા વિટંબના પમાડે છે.

**દરિદ્રતાઃ**—૬. રાજન ! કર્મપરિણામ રાજાના પાપોદય નામના સેનાપતિએ ભવચક્રપુરમાં દરિદ્રતાને મોકલી છે. દરિદ્રતાની સાથે અંતરાય નામનો સાતમો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા પણ હોય છે. લોકો આ ગરીબાઇના અનેક કારણો માને છે. જેવાં કે અતિવૃષ્ટિ, પાણીનો, અગ્નિનો, ચોરનો, લૂંટારાનો ઉપદ્રવ, રાજાનો અન્યાય, સંબંધીઓની ખોટી દાનત, દારૂ, જુગાર, ઉડાઉપણું, વેશ્યા અને પરસ્ત્રીનું વ્યસન વિગેરે; પણ તાત્વિક રીતે પાપનો ઉદય અંતરાયકર્મ નામના રાજાને આગળ કરીને જીવોની આવી સ્થિતિ બનાવે છે. દરિદ્રતા પ્રાણીઓને નિર્ધન ભીખારી અને રાંક બનાવે છે. આ કાર્યથી ધન મળશે, પેલું કામ કરવાથી મળશે, આજે મળશે, કાલે મળશે, આવી અનેક આશાના પાશમાં જીવને નાખીને હેરાન કરી મૂકે છે.

આ દરિદ્રતાની સાથે દીનતા, તિરસ્કાર, અનાદર, મૂઢતા, ઘણો પરિવાર, ઘણી સંતતિ, હૃદયની નબળાઇ, ભિક્ષાવૃત્તિ, લાભનો અભાવ, ખોટી ઇચ્છાઓ, ભુખ, સંતાપ, કુટુંબીઓનો કકળાટ, વેદના–પીડા વિગેરે તેના આ પરિવારને દરિદ્રતા સાથે લાવે છે.

કર્મપરિણામ રાજાનો પુન્યોદય નામનો બીજો સેનાપતિ છે. તેણે વિશ્વને આનંદિત કરવા માટે ઐશ્વર્ય નામનો માણસ મોકલેલો છે. એ ઐશ્વર્યની સાથે ભલમનસાઇ, હર્ષ, હૃદયની વિશાળતા, ગૌરવતા, આનંદીપણું, સુંદરતા અને શુભેચ્છાઓ વિગેરે પરિવાર છે. એ ઐશ્વર્ય જીવોને ધનવાન અને સુખી બનાવે છે, મોટાઇ અપાવે છે, લોકોમાં માન પમાડે છે અને જીવને બધી જાતની અનુકૂળતાઓ કરી આપે છે.

દરિદ્રતા જ્યારે આવી પહોંચે છે ત્યારે પ્રથમ ઐશ્વર્યનો નાશ કરે છે, કેમકે પરસ્પર વિરોધી સ્વભાવના બન્ને સાથે રહી શકતા નથી. દરિદ્રતાના ત્રાસથી ઐશ્વર્ય નાશી જાય છે. ઐશ્વર્યના જવાથી જીવો નિર્ધન બને છે, દુઃખી થાય છે, મનની સ્વસ્થતા ગુમાવી બેસે છે, શાંતિ દૂર ચાલી જાય છે, જીવ નિરાશ અને હતાશ બને છે. આશાના પાશમાં બંધાયેલો જીવ ધન મેળવવા માટે વિવિધ પ્રકારના ઉપાયો અજમાવે છે, છતાં પાપોદય તેના સર્વ મનોરથો જડમૂળથી ઉખેડી નાખી તેના બધા પ્રયત્નો નિષ્ફળ કરી મૂકે છે; છતાં આ અજ્ઞાની પ્રાણી ધનપ્રાપ્તિનું સત્ય કારણ પુન્યોદય છે તે સમજતો નથી અને તેને માટે પ્રયત્ન પણ કરતો નથી. કુટુંબના પોષણ માટે ચિંતામાં પડી ન કરવાના કાર્યો કરે છે અને ધર્મથી વેગળો નાસે છે. લોકોમાં તેથી હલકાઇ પામે છે. ઘાસના તૃણથી તેની કીંમત હવે વધારે અંકાતી નથી. પારકું કામ કરવા છતાં પણ પેટ ભરાતું નથી. ભૂખથી દુર્બળ બની હાડપિંજર જેવા થઇ, દુઃખમાં પીડિત રહી પ્રત્યક્ષ નારકીના દુઃખ ભોગવતો હોય તેવી સ્થિતિમાં જીવન પસાર કરે છે. આ સર્વ પ્રતાપ પાપોદયની સાથે અંતરાય કર્મની મદદથી આવેલી દરિદ્રતાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્ભગતા—૭. રાજન્ ! આ સાતમી પિશાચિનું નામ દુર્ભાગ્યતા છે. જીવોના ખરાબ કર્ત્તવ્યોથી નારાજ થઇ નામકર્મ નામના રાજાએ તેઓને તેનો બદલો આપવા આ દુર્ભગતાને ભવચક્ર નગરમાં મોકલી છે. આ દુર્ભગતા આવવાનાં કારણો લોકો જુદા જુદા બતાવે છે. જેમકે ખરાબ રૂપ, ખરાબ સ્વભાવ, ખરાબ કર્મ, ખરાબ વચન ઇત્યાદિ કારણે જીવો બીજાને અપ્રિય થાય છે. પતિ–પત્નીને બનતું નથી એટલે બાઇઓ તથા ભાઇઓ દુર્ભાગી બને છે, પણ તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરતાં આ તો નિમિત્ત કારણ છે. તે સર્વનું ઉપાદાન કારણ તો જીવોનું દુર્ભાગ્ય નામકર્મ છે; તેથી આવી સ્થિતિમાં જીવો મૂકાય છે. આ દુર્ભાગ્યતામાં એવી શક્તિ છે કે તેથી જીવોને તે એકદમ અપ્રિય કરી મૂકે છે. પાસે બેઠા હોય તો પણ તે દૂર જાય તો ઠીક એમ લોકો ઇચ્છે છે.

ગરીબાઇ, નિર્લજ્જતા, અપમાન, મનની નિર્બળતા, હલકાઇ, ઓછી સમજણ, કાર્યમાં મળતી નિષ્ફળતા વિગેરે દુર્ભાગ્યતાનો પરિવાર છે. આ દુર્ભાગ્યતા જ્યાં જ્યાં જાય છે અને જેના શરીરમાં નિવાસ કરે છે ત્યાં ત્યાં આ પરિવાર પણ સાથે જાય છે અને જીવોને તેવી તેવી સ્થિતિમાં લાવી મૂકે છે.

તે નામકર્મ રાજાના પરિવારમાં **સુભગતા** નામની એક સુંદર સ્ત્રી છે. આ સદ્ભાગ્યતાને પણ તે રાજાએ જીવોની શાંતિ માટે ભવચક્રમાં મોકલેલી છે. જીવનાં સત્કર્મથી આ રાજા પ્રસન્ન થાય છે ત્યારે તેની સેવામાં આ સદ્ભાગ્યતાને મોકલી દે છે. આ સુભગતા જે જીવની પાસે જાય છે, તેની સાથે શરીરની સુખાકારી, તંદુરસ્તી, મનનો સંતોષ, ગર્વ, ગૌરવ, હર્ષ, આશાજનક ભવિષ્ય, આદરસત્કાર વિગેરે પોતાના પરિવારને પણ લેતી જાય છે.

જ્યારે તે આ ભવચક્રપુરમાં વિલાસ કરતી હોય છે ત્યારે જીવો આનંદથી ભરપૂર, સુખી, આદેય વચનવાળા, લોકવલ્લભ અને ભાગ્યવાન બને છે. જીવોનું સારૂં નસીબ તે વખતે ઝળકી ઉઠે છે. આ સુભગતા સાથે દુર્ભગતાને સ્વાભાવિક વેર હોવાથી જ્યારે દુર્ભગતા પોતાના પરિવાર સાથે પુરજોસથી જીવમાં પ્રવેશ કરે છે ત્યારે હાથણી જેમ વૃક્ષલતાને મૂળથી ઉખેડી નાખે છે તેમ સુભગતાને ઉખેડીને ફેંકી દે છે. તેમ થતાં જ જીવો, લોકોમાં સ્વાભાવિક જ અપ્રિય થઈ પડે છે. પછી તો પોતાના શેઠ, માલિક, પતિ કે પત્નીને પણ તે પસંદ પડતા નથી. પોતાને આશ્રય આપનારની પણ તેની ઉપર અપ્રીતિ થાય છે, ઘરની સ્ત્રી અનાદર કરે છે, છોકરાઓ કહેવું માનતા નથી, ભાઇઓ તેને જોવાને રાજી હોતા નથી. તે જેને પોતાના માનતો હતો તેનો પ્રેમ તેના ઉપર રહેતો નથી. તેઓ જ તેનો તિરસ્કાર કરે છે તો બીજા માટે કહેવુંજ શું ? તેનું આવું નસીબ જ્યાં જાય ત્યાં બે ડગલાં આગળ દોડે છે. વિરોધીઓથી પરાભવ પામે છે, મિત્રો શત્રુ બને છે, સગાંઓ તેને તજી દે છે. છેવટે તેઓ પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૮૩ થી શરૂ )

અમે ગુણાયાજી તીર્થની યાત્રા કરી ત્યાંથી વિહાર કરી નવાદા, કોડારમા, ગીરડી, ઋજુવાલુકા થઇ મધુવન પહોંચ્યા. કોડારમામાં અબરખની મોટી મોટી ખાણો છે. જેમ આરસની મોટી મોટી તકતીઓ નીકળે છે તેમ અબરખની પણ મોટી દળદાર તકતીઓ જ નીકળે છે. જેમ દળ મોટું અને લંબાઇ વધારે તેમ તેનું મૂલ્ય ઘણું. એ પ્રદેશનાં ગામોમાં પેસતાં રસ્તામાં બધે અબરખ જ પાથરેલું જોવામાં આવતું. ઉકરડામાં પણ કચરાની સાથે અબરખના ઢગલે ઢગલા જોવા મળે; ઘરોની ભીંતો ઉપર અને અંદર પણ અબરખ ચોડેલું; તથા વિવિધ આકૃતિઓ પણ અબરખની જ દેખાય. ખેતરોમાં પણ માટી સાથે અબરખનાં પડનાં પડ લાગેલાં દેખાય. હરિઆળાં ખેતરોમાં અબરખનો દેખાવ બહુ જ રમ્ય અને મનોહર લાગે છે. જાણે લીલી રેશમી સાડીમાં રૂપેરી તાર અને ચાંદલા ગોઠવ્યા હોય તેવું લાગે. ગામડાની સડકો પણ એકલા અબરખથી જ પૂરેલી હોય, તેના ઉપર ચાલતાં શરૂઆતમાં લગાર લપસી જવાનો ડર લાગે, પરન્તુ પછી તો પગના તળીયાંને રેશમ જેવું મુલાયમ અને ગલીપચી થાય તેવું લાગે; પણ અસાવધાનીથી ચાલનાર નૂતન મુસાફર પડ્યા વિના ન રહે. એકાદ વાર તો જરૂર ધરતી માતાને સાષ્ટાંગ પ્રણામ કરી લ્યે. અબરખનો કેવો ઉપયોગ થાય છે તે તો વિવેચનપૂર્વક અમે અહીં જ સાંભળ્યું. અહીંથી...... જતાં એકની એક જ નદી સાત વાર ઉલ્લંઘવી પડે છે. નદીમાં પાણી નથી પરન્તુ એ નદીને સાતવાર ઉલ્લંઘીને જતાં મનુષ્ય થાકી જાય છે. મોટા મોટા ખાડા આવે ત્યારે તદ્દન નીચાણમાં ઉતરી જવાય અને ટેકરા આવે ત્યારે નાનકડો પહાડ ચઢવો પડે. રસ્તો ભયપ્રદ પણ ખરો અને જંગલ પણ ઘણાં આવે. એ પહાડી જંગલમય ભયપ્રદ પ્રદેશમાં લાંબો માર્ગ વટાવી લાંબા લાંબા વિહાર કરી અમે **ગીરડી** આવ્યા. અહીં એક સુંદર **શ્વેતાંબર** મંદિર અને **રાયબહાદુર ધનપતસિંહજી**એ બંધાવેલ સુંદર વિશાળ ધર્મશાળા છે, શિખરજીની યાત્રાએ આવતા ઘણાખરા શ્વેતાંબર યાત્રિઓ અને સાધુઓ આ ધર્મશાળામાં જ ઉતરે છે. ધર્મશાળાની સામે જ સ્ટેશન છે એટલે યાત્રાળુઓને બહુ અનુકૂળતા પડે છે. અહીંથી મધુવન ૧૮ માઇલ દૂર છે. ત્યાં જવા માટે યાત્રુઓને વાહન

---

જાતને નિંદતા, જીવનને બોજારૂપ માનતા, આવા જીવનપર શાપ વરસાવતા દુઃખમય જીવન ગાળે છે. આ સર્વ પ્રતાપ દુર્ભાગ્યતાનો છે. જીવો આવું સમજવા છતાં પણ શા માટે સદ્ભાગ્ય ઉત્પન્ન કરતા નહિ હોય ?

જિન-અરિહંત સર્વજ્ઞ શાસનની કૃપાથી સુખના અર્થી જનોને એવું આત્મબળ પ્રગટ થાઓ ! **ઇતિશમ્.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિની સગવડ મળે છે. ગીરડીમાં કોલસાની ખાણો પુષ્કળ છે. ગામની ચોતરફ ભીંસ-રડો દઇને રેલ્વેના પાટા પડયા છે. જ્યાં જુઓ ત્યાં ધૂમાડાજ ધૂમાડા જણાય. અમે અહીંથી વિહાર કરી **ઋજુવાલુકા** ગયા.

## ઋજુવાલુકા.

અહીં ભગવાન્ મહાવીરદેવને કેવળજ્ઞાન ઉત્પન્ન થયાનું સ્થાન છે. બ્રાકર નદીને કાંઠે જ નાની સુંદર ધર્મશાળા છે. તેની પાછળ શ્રી વીરપરમાત્માનું મંદિર છે. અંદર શ્રી **વીરપ્રભુની પાદુકા** છે જે સ્થાને પ્રભુ મહાવીરદેવને કેવળજ્ઞાન ઉપન્યું હતું તે ઋજુવાલુકા નદીને અત્યારે **બ્રાકર** નદી કહે છે; પણ વસ્તુતઃ નદીનું નામ બ્રાકર નથી ત્યાં બ્રાકર ગામ છે અને તેની પાસેથી નદી વહે છે માટે તેનું નામ પણ બ્રાકર કહેવામાં આવે છે, બાકી નદીનું નામ ઋજુપાલ–ઋજુવાલ છે. કેટલાક મહાશયો આ સ્થાનને **સ્થાપના** તીર્થ માનવા તૈયાર છે અને તે માટે કેટલીક યુક્તિઓ પણ આપે છે, પરન્તુ તેમા કાંઇ તથ્ય નથી લાગતું. ઋજુવાલુકા નદી તો આ જ છે અને આપણા મંદિરથી લગભગ ત્રણેક માઇલ દૂર **જમક** ગ્રામ પણ વિદ્યમાન છે, તેને જમગામ પણ કહે છે. ત્યાં શાલનાં વૃક્ષોનું ગાઢ જંગલ પણ છે. આપણા મંદિર પાસે પણ શાલનાં વૃક્ષો વિપુલ પ્રમાણમાં હતા પણ કપાવી નાખવામાં આવ્યા છે; એટલે અત્યારનું **જમક** ગ્રામ એ જ જંભિય ( જમ્ભક ) ગ્રામ છે અને ઋજુપાલ નદી એ ઋજુવાલુકા છે.

અત્યારે જે સ્થાને આપણું મંદિર છે ત્યાંથી નદીનો પુલ ઉતરી કાંઠે કાંઠે પૂર્વ–ઉત્તરમાં દૂર જવાથી અને ત્યાં નદીમાં બેસવાથી અપૂર્વ આહ્લાદ અને પરમ શાન્તિ મળે છે. જે સ્થાને પ્રભુને કેવળજ્ઞાન થયું છે અને પ્રથમ દેશના આપી છે તે સ્થાનનું વાતા-વરણ એટલું બધું શાંત અને પૂનિત છે કે આપણને ત્યાંથી ઉઠવાનું મન જ ન થાય. હું એક વાર સ્હવારમાં દોઢથી બે માઇલ દૂર જઇ બેઠો અને એ પૂનિત શાંત વાતાવરણનો લાભ લીધો ત્યારે જ ખબર પડી કે આ સ્થાનમાં કેટલું બળ અને શક્તિ (  ) ભરી છે. બાર બાર વર્ષો પર્યંત ઘોર તપશ્ચર્યા કરી જે અણમૂલ રત્ન ભગવાન્ મહાવીરે પ્રાપ્ત કર્યું તે સ્થાનના અણુએઅણુમાં હજી પણ અપૂર્વ શકિત ભરી છે. જે મહાપુરૂષે કેવળ રત્ન પ્રાપ્ત કરી તેનો પ્રથમ પ્રકાશ જે સ્થાનેથી પ્રગટ કર્યો ત્યાં હજી પણ તે વાતા-વરણનું મધુર ગુંજન ચાલતું હોય તેમ ભવ્ય ભક્તોને જરૂર લાગે છે. જે સ્થાને પ્રભુ મહાવીરદેવે શુકલધ્યાનના બે પાદ વટાવી ત્રીજાનો આરંભ કરી જે વખતે કેવળજ્ઞાનનો સાક્ષાત્કાર કર્યો તે સ્થાને બેસી આપણને પણ તેમ કરવાનું મન તો થાય છે પણ માન્હીના × × × યાદ આવી જાય છે. આત્મવિશુદ્ધિની અપૂર્વ જડીબુટી અહીં ભરી છે. હૃદયને હચમચાવી મનુષ્યને પોતાનાં પૂર્વકૃત્યોનું પુનઃ પુનઃ સ્મરણ કરાવી પશ્ચાત્તાપના અગ્નિમાં તપાવી આત્મવિશુદ્ધિ કરાવે તેવું આ પૂનિત સ્થાન છે. આત્માર્થીઓએ અહીં આવી એક વાર અવશ્ય અનુભવ કરવા જેવું છે બીજી નદીઓ ઘણી હશે; શાંત વાતા-વરણ પણ હશે છતાં અહીંના વાતાવરણમાં જ કાંઇક અપૂર્વતા, કાંઇક તાઝગી ભરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માને અપૂર્વ વીર્ય ફોરવવાને પ્રેરે; ઉચ્ચ અતીવ ઉચ્ચ આદર્શને માટે લલચાવે અને વિભાવદશાનો ત્યાગ કરાવી સ્વભાવદશામાં રમણ કરાવી આધ્યાત્મિક સુખની સાચી ઝાંખી કરાવે તેવું આ સ્થાન છે.

પ્રાચીન તીર્થમાળામાં વિવિધ કવિઓ આ સ્થાનનું જુદું જુદું વર્ણન આપે છે. હું આ સંબંધે એક સ્વતંત્ર લેખ લખવા ધારું છું તેથી અહીં તે બધાનો ઉલ્લેખ નથી કરતો અમે તો અહીં ત્રણ વાર આવી અપૂર્વ આનંદ મેળવ્યો હતો ધર્મશાળા સુંદર છે, રહેવાની અનુકૂળતા છે. યાત્રાળુઓએ બધી સગવડ સહિત આવી આ પવિત્ર તીર્થસ્થાનનો લાભ લેવા જેવું છે. સદ્ભાગ્યે અહીં શ્વેતાંબરો જ તીર્થ માને છે ને દિગંબરો નથી માનતા એટલે કોઇ પણ પ્રકારનું કલુષિત વાતાવરણ અહીં નથી. અહીંનો વહીવટ શ્વેતાંબર પેઢીના મેનેજર શ્રીયુત્ મહારાજા બહાદુરસિંહજી કરે છે. અહીથી ૮ માઇલ મધુવન થાય છે.

**મધુવન :—**

ઋજુવાલુકાથી મધુવન આવતાં રસ્તામાં ચોતરફ જંગલ છે. વચમાંથી પણ રસ્તા નીકળે છે સાથે ભોમીયો હોય તો જ જવું ઉચિત છે. નહિં તો સડકને રસ્તે જવું જ હિતાવહ છે. મધુવનમાં વિશાલ શ્વેતાંબર ધર્મશાળા છે. દિગંબર, તેરાપંથી અને વીશપંથીની ધર્મશાળા આપણી ધર્મશાળાની બન્ને બાજુએ છે; કિન્તુ વિશાલ અને સુંદર સગવડવાળી શ્વેતાંબર ધર્મશાળા જ છે. શ્વેતાંબર ધર્મશાળામાં પેસતાં પ્રથમ જ વિશાળ વટવૃક્ષની નીચે તીર્થરક્ષક **શ્રી ભોમીયાજી**નું મંદિર છે. તીર્થ-પહાડના આકારની ભવ્ય આકૃતિ છે. સ્મરણ કરનાર ભકતનું વિઘ્નહારી સાક્ષાત્ જાગતી જ્યોત છે. દરેક યાત્રિક અહીં આવતાં, પહાડ ઉપર જતાં અને નીચે આવી ધર્મશાળામાં જતાં આ તીર્થરક્ષક દેવને ભકિતથી વંદના--નમસ્કાર કરે છે. ધર્મશાળા વટાવી આગળ જતાં સામે જ શ્વેતાંબર પેઢી છે; જે આ તીર્થનો સંપૂર્ણ વહીવટ કરે છે અંદર એક જ કિલ્લામાં ૧૨ થી ૧૩ જિનમંદિર છે જેમાં ૧-૨-૩ માં પાર્શ્વનાથ પ્રભુ છે, ૪ માં વીસ જીન પાદુકા; ૫ માં શુભ ગણધરની સુંદર મૂર્તિ, ૬ માં ગોડીપાર્શ્વનાથજી તથા ઉપર શ્રી સંભવનાથજી, ૭ માં શામળીયાપાર્શ્વનાથજી. આ મુખ્ય મંદિર છે જેની આજુબાજુ બીજા મંદિરો છે ૮ માં પાર્શ્વનાથપ્રભુ ઉપર શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના ચોમુખજી છે, ૯ માં ચંદ્રપ્રભુ, ૧૦ સુપાર્શ્વનાથજી, ૧૧ માં પાર્શ્વનાથજી ઉપર ચંદ્રપ્રભુ છે, ૧૨ માં ગામ બહાર રાજા દોડીના મંદિરમાં શ્રી સુધર્માસ્વામી છે અને ૧૩ મું ભોમિયાજીનું મંદિર, મધુવનથી પહાડ ઉપર જવાનો સીધો રસ્તો છે. એકાદ ફર્લાંગ દૂર જતાં પહાડનો ચઢાવ આવે છે.

આ પહાડને શ્રી શીખરજીનો પહાડ અને હાલમાં **પાર્શ્વનાથહીલ** કહે છે. આ સ્થાન આખા બંગાળમાં પ્રસિદ્ધ છે. અહીં પૂછે "કોથાઇ જાઇ બોજવાબમાં પારસનાથ" એટલું કહ્યું એટલે બસ. તમને ભકિત અને માનથી બધી અનુકૂળતા કરી આપશે. પહાડ ઊપર ૭ માઇલ ચઢવાનું છે. રસ્તો સારો છે. વચમાં વચમાં શાસનરક્ષક દેવની દેરીઓ આવે છે. પહાડ ઉપર ગયા પછી ૩ માઇલે ગંધર્વનાલુ આવે છે અને ત્યાંથી ૦ાા માઇલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા પછી સીતા–શીતનાલુ આવે છે. ગંધર્વનાલા પાસે શ્વેતાંબર તલાટી ધર્મશાળા છે. સગવડ સારી છે. ગંધર્વનાલાનું જલ બહુ જ મીઠું અને પાચક છે. રાત્રે જંગલના હિંસક પ્રાણીઓ જલ પીવા અહીંઆ આવે છે. તેમાંય ગરમીના દિવસોમાં ખાસ, પરન્તુ અદ્યાવધિ કોઇને કાંઇ પણ નુકશાન નથી થયું. કેટલાક ઉતાવળા યાત્રિક રાત્રિના ૩ થી ૪ વાગ્યે ઉપર ચઢે છે અને દિગંબરો તો રાત્રિના એક એક વાગે ઉપર ચઢે છે છતાં તીર્થના અપૂર્વ પ્રભાવે કોઇને કાંઇ નુકશાન નથી થતું. પહાડમાં ઝાડી ખૂબ હોવાથી વર્ષાદ પણ ખૂબ પડે છે. દરમહીને એકાદ બે વાર તો જરૂર પડે જ અમે ત્રણ વાર યાત્રા કરવા ગયા ત્રણે વાર અમને હેરાન કર્યા. અમે એક વાર ગંધર્વનાલાની શ્વે. તલાટીમાં રાત રહ્યા હતા ત્યારે સ્હવારમાં ખૂબ વર્ષાદ પડ્યો ચોતરફ વાદળા સિવાય કાંઇ દેખાય જ નહિ. વાદળા અને પહાડ એકાકાર થઇ જાય છે. યદ્યપિ આ સ્થાન કરતાં પાર્શ્વનાથ પ્રભુના સૌથી ઉંચા શિખર ઉપરથી વાદળાનું દશ્ય અતીવ મનોહર અને રમણીય લાગે છે. જાણે પહાડને ઘસાઇને વાદળાં જતાં હોય, અને કોઇક શિખર સાથે અથડાવાથી એ હમણાં ભાંગીને ભૂક્કો થઇ જશે તેમ લાગ્યા કરે. તેમજ જ્યારે કડાકા કરતી વીજળી અને ગડગડાટ થાય ત્યારે તો આખો પહાડ ગાજતો હોય તેવું જણાય છે. આ કુદરતી રમણીય દશ્ય જોવા હજારીબાગ જીલ્લાનો કલેકટર તથા બીજા પણ ઉપરીઆધકારીઓ જેઠ અને અષાઢના દિવસોમાં અહીં આવી જાય છે.

૭ માઇલનો કઠણ ચઢાવ ચઢયા પછી ઉપર જતાં પ્રથમ જ શ્રી ગણધર દેરીનાં દર્શન થાય છે. અહીં ચોવીશે ગણધરોનાં પગલાં છે. આને ગૌતમસ્વામીની દેરી કહે છે. અહીંથી ચંદ્રપ્રભુ, પાર્શ્વનાથ, મેઘાડંબર ટુંક, જળમંદિર તથા નીચે ઉતરવાના એમ ચાર રસ્તા ફુટે છે. દેરીની સામે જ શ્વેતાંબરો તરફથી પુરાણી રક્ષણ–ચોકી છે, જેમાં શ્વેતાંબરો તરફથી નેપાલીઓને ચોકી માટે રાખવામાં આવે છે. તેઓ ટુંક પગારે અને બહુ જ નીમકહલાલીથી તીર્થસેવા–નોકરી કરે છે. પહાડ ઉપર કુલ ૩૧ મંદિરો છે જેમાં ચોવીશ તીર્થંકરની ચોવીશ દેરીઓ, શાશ્વતાજીનની ૪ દેરીઓ; ૧ ગૌતમાદિ ગણધરોની; ૧ શુભગણધરની અને એક જળમંદિર છે. જળમંદિર પાસે એક શ્વેતાંબર ધર્મશાળા, તેમજ શ્વેતાંબર કોઠીના નોકરો તથા પૂજારીઓ આદિને રહેવાની બીજી સ્વતંત્ર ધર્મશાળા છે. તેમજ એક મીઠા પાણીનો સુંદર ઝરો છે. આખા પહાડમાં ઊપરમાં અહીં જ બારેમાસ પાણી રહે છે. શ્વેતાંબર જૈન યાત્રિકોને ન્હાવા આદિની સગવડ અહીં સુંદર રીતે મળે છે, ધર્મશાળામાં બેસી બાળકો વગેરે જળપાન નાસ્તો વગેરે કરે છે.

ઉપર બધે પ્રદિક્ષણા કરનારા ગૌતમસ્વામિની દેરીથી જ તેની શરૂઆત કરે છે. અનુક્રમે કુંથુનાથ, ઋષભ, ચંદ્રાનન, નેમિનાથ, અરનાથ, મલ્લિનાથ, શ્રેયાંસનાથ, સુવિધિનાથ પદ્મપ્રભુ, મુનિસુવ્રતસ્વામી, ચંદ્રપ્રભુ ( બધાથી દૂર અને કઠિણ માર્ગ આ દેરીએ જવાનો છે) ઋષભદેવ, અનંતનાથ, શીતલનાથ, સંભવનાથ, વાસુપૂજ્યપ્રભુ, અભિનંદનસ્વામી ત્યાંથી વાસુપૂજ્યપ્રભુ થઇ જળમંદિર જવું. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "દ્રવ્યગુણપર્યાય વિવરણ."

લેખક—શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા.

ગતાંક પૃષ્ઠ ૬૫થી શરૂ.

પ્ર૦ દ્રવ્યાર્થિક નયનો ચોથો ભેદ કયો ?

ઉ૦ કર્મોપાધિ સહિત જે આત્મદ્રવ્ય હોય તે દ્રવ્યાર્થિક નયનો ચોથો ભેદ છે, અને જ્યારે કર્મ ગ્રહણ કરે ત્યારે કર્મોપાધિ સહિત કહેવાય છે.

પ્ર૦ આત્મિક દ્રવ્યમાં અશુદ્ધતા શાથી ઉત્પન્ન થાય છે ?

ઉ૦ કર્મના સંયોગથી આત્મિક દ્રવ્યમાં અશુદ્ધતા ઉત્પન્ન થાય છે.

પ્ર૦ આ ચોથા ભેદનું લક્ષણ વિસ્તારથી સમજાવો.

ઉ૦ જ્યારે આત્મા કર્મ-ભાવમય થાય છે અર્થાત્ કર્મની પ્રવૃત્તિ આત્મ-પ્રદેશ સાથે એકત્ર થાય છે ત્યારે આત્મા તાદૃશરૂપ અર્થાત્ કર્મસ્વરૂપ દેખાય છે. ક્રોધની કર્મપ્રકૃતિના ઉદયથી આત્મા ક્રોધી કહેવાય છે, માનકર્મના ઉદયથી જીવ માની કહેવાય છે, એવી જ રીતે જે વખતે જે દ્રવ્ય જે ભાવથી પરિણત થઇ જાય છે તે વખતે તે દ્રવ્ય તદ્દભાવરૂપ સમજવું જોઇએ. જેમકે અગ્નિમાં પડેલું લોઢું અગ્નિની સાથે એકરૂપ થાય છે ત્યારે તે લોઢાને પણ અગ્નિ કહેવામાં આવે છે તેમ આત્મા કર્મોના ઉદય અનુસાર ક્રોધી, વિષયી એમ જુદી જુદી રીતે કહેવાય છે અને આવા કારણસર આત્મિક દ્રવ્યના આઠ કર્મની ઉપાધિથી આઠ ભેદ કહ્યા છે.

પ્ર૦ દ્રવ્યાર્થિક નયનો પાંચમો ભેદ કયો ? અને તે કહ્યાનું કારણ શું ?

ઉ૦ ઉત્પત્તિ અને નાશની અપેક્ષાથી અશુદ્ધ દ્રવ્યાર્થિકનય નામનો પાંચમો ભેદ કહ્યો છે. કારણકે આત્માદ્રવ્ય એક જ સમયે ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્યયુકત છે.

પ્ર૦ એક જ સમયમાં દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કેવી રીતે થાય છે?

ઉ૦ સુવર્ણ દ્રવ્યમાં કડાની ઉત્પત્તિ થાય છે. તે જ સમયે પૂર્વપર્યાયને કેયૂર (બાજુબંધ) તેનો નાશ થાય છે; પણ એ બન્ને પૂર્વાપર પર્યાયમાં સુવર્ણ તે એક ધ્રુવ (નિત્ય) સ્વરૂપથી વિદ્યમાન છે.

પ્ર૦ આ પ્રમાણ વચનથી તો સિદ્ધ છે પણ તે નય વચનથી સિદ્ધ માની શકાય છે ?

ઉ૦ હા, તે નય વચનથી પણ સિદ્ધ થાય છે, કારણકે મુખ્ય અને ગૌણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવને ગ્રહણ કરીને આ લક્ષણોનું ગ્રહણ થવાથી સૌ પોતપોતાના અર્થના ગ્રહણમાં મુખ્ય નય છે, પણ પર અર્થમાં નથી.

પ્ર૦—દ્રવ્યાર્થિક નયનો છઠ્ઠો ભેદ કયો ?

ઉ૦—ભેદની કલ્પનાને ગ્રહણ કરે તે છઠ્ઠો અશુદ્ધ દ્રવ્યાર્થિક નય કહ્યો છે. ( જેમ જ્ઞાનાદિ શુદ્ધ ગુણો આત્માના કહેવાય છે તેમ )

પ્ર૦—આ ભેદનું સ્વરૂપ સમજાવો.

ઉ૦—જે દ્રવ્ય ભેદભાવની કલ્પનાને ગ્રહણ કરે તે છઠ્ઠો અશુદ્ધ દ્રવ્યાર્થિક નય કહેવાય છે. જેમકે **आत्मनः गुणः** એટલે આત્માના શુદ્ધ ગુણો. આ સ્થળે આત્મા અને તેના ગુણોને જુદા દર્શાવ્યા છે જેમકે **भिक्षोः पात्रम्** એટલે ભિક્ષુકનું વાસણ. હવે વાસણ અને ભિક્ષુ જેમ જુદા કીધા તેમ આત્મા અને તેના ગુણોને જુદા પાડયા તે ભેદભાવની કલ્પના કહેવાય.

પ્ર૦—વાસ્તવિક રીતે આત્મા અને તેના ગુણો જુદા છે ?

ઉ૦—ના, તે જુદા નથી. ભિક્ષુ અને પાત્ર જેમ જુદાં છે તેમ આત્માનો અને તેના જ્ઞાનાદિ ગુણોનો ભેદ નથી અને તેથી જ આ કલ્પિત ભેદ માનવામાં આવ્યો છે. બાકી વાસ્તવિક ભેદ નથી, કારણકે ગુણ–ગુણી એકબીજાથી જુદા નથી.

પ્ર૦—દ્રવ્યાર્થિક નયનો સાતમો ભેદ કયો ? અને તેનું કારણ શું ?

ઉ૦—દ્રવ્યાર્થિક નયનો સાતમો ભેદ અન્વય દ્રવ્યાર્થિક કહ્યો છે, કારણકે ગુણી અને પર્યાયના સ્વભાવથી યુક્ત દ્રવ્ય એક જ સ્વભાવવાળું કહેવાય છે.

પ્ર૦—અન્વય એટલે શું ?

ઉ૦—જેના રહેવાથી જેની ઉત્પત્તિ થાય તે તેનો અન્વય છે.

પ્ર૦—તે દૃષ્ટાંત આપી સમજાવો.

ઉ૦—જેમકે દંડની સત્તામાં ઘરની ઉત્પત્તિ છે એટલે દંડ હોય તો ઘરની ઉત્પત્તિ થાય છે, માટે આ અન્વય કહેવાય છે.

પ્ર૦—અન્વય દ્રવ્યાર્થિક નયનો સાતમો ભેદ કેવો કહ્યો છે. અને તે શી રીતે તે સમજાવો.

ઉ૦—અન્વય દ્રવ્યાર્થિક નામનો જે સાતમો ભેદ છે તે એકસ્વભાવ કહ્યો છે, કારણકે એક દ્રવ્યગુણ અને પર્યાયે કરીને યુક્ત હોય છે અર્થાત્ એક દ્રવ્યગુણપર્યાય સ્વભાવ જ છે. જેમકે ઘટ દ્રવ્ય છે તેનો રૂપ આદિક ગુણ અને કંબુગ્રીવાદિ–પર્યાયમાં અન્વય છે; કારણકે ગુણપર્યાયના રહેવાથી ઘટ આદિ દ્રવ્ય અવશ્ય રહે છે અને તે અન્વય કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦—એક સ્વભાવના અન્વય વિષે વધુ સમજણ આપો.

ઉ૦—દ્રવ્ય સ્વરૂપનો સંપૂર્ણ રીતે ગુણપર્યાયમાં અન્વય છે અને તેથી કરીને જ્યારે દ્રવ્યસ્વરૂપ જણાય છે ત્યારે દ્રવ્યાર્થના આદેશથી તે દ્રવ્યની સાથે અનુગત જેટલા ગુણપર્યાય છે તે પણ જાણી શકાય છે.

પ્ર૦—દ્રવ્યાર્થિક નયનો આઠમો ભેદ કયો ?

ઉ૦—સ્વદ્રવ્યાદિક ગ્રાહક નામનો તેમનો આઠમો ભેદ છે.

પ્ર૦—આ ભેદ વિસ્તારથી સમજાવો.

ઉ૦—ઘટ આદિ પદાર્થ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર–સ્વકાળ તથા સ્વભાવથી સત્‌રૂપ પણે જ દેખાય છે. સ્વદ્રવ્યથી ઘટ મૃતિકાથી બનેલો છે. સ્વક્ષેત્રથી પાટલીપુરનો છે. સ્વકાલથી ઘટ અમુક ઋતુનો છે અને સ્વભાવથી ઘટ શ્યામ કે રક્ત છે. આ પ્રમાણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચારમાં ઘટ દ્રવ્યની સત્તા પ્રમાણે કરીને સિદ્ધ છે; માટે "સ્વદ્રવ્યાદિક ગ્રાહક દ્રવ્યાર્થિક નય" નામનો આઠમો ભેદ જાણવો.

પ્ર૦—દ્રવ્યાર્થિક નયનો નવમો ભેદ કયો ?

ઉ૦—દ્રવ્યાર્થિક નામનો નવમો ભેદ "પરદ્રવ્યાદિક ગ્રાહક" નામનો છે. (પ્રથમના ભેદનો આ ઉલટો ભેદ છે.)

પ્ર૦—પરદ્રવ્યાદિકથી ઘટ આદિ પદાર્થ અસત્ હોવાનું સિદ્ધ થાય છે, તે કેવી રીતે ?

ઉ૦—પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ એમ ચતુષ્ટયથી ઘટ પદાર્થ અસત્ છે, કારણકે ઘટની અપેક્ષાથી પરદ્રવ્ય પર છે. માટે પરદ્રવ્યથી ઘટ અસત્ છે, પરક્ષેત્રથી ઘટ મથુરા કે પાટલીપુર જ્યાં બનતો હોય તેનાથી બીજા ગામની કહેવો તે ક્ષેત્રથી અસત્, ઘટ વસંતઋતુમાં ઉત્પન્ન થયો હોય તો ગ્રીષ્મ-ઋતુથી એ ઘટ અસત છે અને ભાવથી તો શ્યામ ઘટ રક્તાદિપણાથી અસત્ છે, માટે પરદ્રવ્યાદિકથી દ્રવ્ય અસત્ છે; તેથી નવમો ભેદ "પરદ્રવ્યાદિ ગ્રાહક-દ્રવ્યાર્થિક" કહ્યો છે.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજનની સફળતા.

( ગતાંક પૃષ્ટ ૯૪ થી શરૂ )

બરાસ-કસ્તુરી આદિ સુગંધી પદાર્થો માટે પણ પવિત્રતા ને અહિંસાના દષ્ટિબિન્દુ વિસરવાના નથી. અલબત્ત ઓછો દોષ વધુ લાભની વાતમાં-ગણત્રીમાં નથી લેવાતો છતાં એ સંબંધી અતિશયતા તો અવશ્ય વર્જનીય છે. સુગંધી કે કીમતી દ્રવ્ય કરતાં પણ હૃદયના મૂલ્ય અતિ ઘણા છે અને ' પ્રભુ તો ભાવના ભૂખ્યા છે ' એ વાકયમાં રહેલ રહસ્ય સમજાય તો જરૂરી ફેરફાર આદરણીય બનતાં વિલંબ ન જ થાય.

ત્રીજી પુષ્પપૂજા—આમાં પણ શાસ્ત્રોક્ત માર્ગ કરતાં આપણી ગતિ ઘણી જ વિલક્ષણ બની ચૂકી છે ! જે રીતે ફુલ લાવવાના કહ્યાં છે એ તરફ તદ્દન આંખ-મીચામણા કરી આપણે આજે ફુલના એકેંદ્રિય જીવો પર જે ત્રાસ વર્તાવી રહ્યા છીએ તે પહેલી તકે નિવારવાની અગત્ય છે.

' પુષ્પ પાખંડી જ્યાં દુભાય,
જિનવરની ત્યાં નહિં આજ્ઞાય. '

એ વાકય વિચારવાની આજે કોને ફુરસદ છે ? આજે તો ફુલો ધોવાને બ્હાને નળની ચકલી નીચે એને ધરી દેવામાં આવે છે ! પછી અંગલુહણથી સાફ કરતાં કેટલીએ પાખંડીઓ છૂટી પડી જાય છે, અરે કેટલાક તો વીંધેલા હારો સુદ્ધાં ચડાવતાં અચકાતા નથી ! ખુદ તીર્થધામ પાલીતાણામાં શું ચાલી રહ્યું છે ? હારો પુષ્પો વીંધીને જ તૈયાર કરાયેલા હોય છે અને આશ્ચર્યની વાત એ છે કે પાપ છોડવા આવનાર ભાવિકો એને હર્ષપૂર્વક ખરીદે છે ! આ કરતાં આપણી અજ્ઞાન ચેષ્ટાનો અન્ય વિરૂપ દાખલો બીજો કયાંથી શોધવો ? વળી કેટલાક તો આંગીની સુંદરતા આણવા સારૂ એની પાંખડીઓ છૂટી પાડે છે, તે જૈન ધર્મની દૃષ્ટિએ તદ્દન અયુક્ત છે. ભક્તિના આડંબર હેઠળ કુસુમોમાં સળીઓ ઘોંચવી કે તેને કાતરવી એ બચાવ ન થઇ શકે તેવું પાપ છે. વળી એકની પૂજા પર અંગલુહણ ઝટ ઘસી નાંખી સંખ્યાબંધ ફુલોને છુંદી નાખવા એ પણ તેટલું જ દોષયુક્ત છે. પુષ્પ સંબંધમાં તો આવું આવું કેટલું યે વિલક્ષણ વર્તન ચાલ્યા જ કરે છે. નજર સામે એકેંદ્રિય જીવો સામેનો આ ત્રાસ આપણે ભક્તિના નામે કયાં લગી ચલાવીશું ? પુષ્પો પર પાણી છાંટી એમને વિકસ્વર કરવાના હોય કે નળની ચકલી તેમના પર છૂટી મૂકી નવડાવવાના હોય ? એમાં તે કઇ અપવિત્રતા ઘુસી ગઇ છે કે જે જળ શુદ્ધ કરશે ? એમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલીક વાર ત્રસ જીવો હોય છે જે પાણીના ઘસારાથી મરણુતોલ થઇ જાય છે. ખરી રીતે ફુલોને ધ્યાનપૂર્વક જોઇ, ખંખેરી માત્ર તે ખીલી ઉઠે તેવી રીતે પાણીના છાંટા એના પર નાંખવાની જરૂર છે. પણ જ્યાં ક્રિયામાં જ ગાડરીયા વૃત્તિ પ્રવર્તની હોય અને એ સંબંધીના જ્ઞાનમાં જરા પણ દૃષ્ટિ ફેરવવાની કોઇની ઇચ્છા સરખી ન હોય ત્યાં એ અરણ્યરૂદન સરખું જ ને!

પાંચ કોડીના ફુલડે જેના સિધ્યા કાજ;
રાજા કુમારપાળને મલ્યા દેશ અઢાર.

આ દુહો તો ઘણાએ રટી જાય છે પણ એના રહસ્યમાં ઉંડા ઉતરવાનો પ્રયાસ સેવાય તો આંખ ખૂલી જાય કે માત્ર પાંચ કોડીના અઢાર કુસુમો અને તે પણ ભાવપૂર્વક ચઢાવનાર ભૃત્યે, શેઠ કે જેમણે સંખ્યાબંધ ફુલો ચઢાવ્યા હતાં તે કરતાં વધારે પુન્ય ઉપાર્જન કર્યું; એટલે કે નોકરનો જીવ કુમારપાળ રાજવી થયો અને શેઠનો જીવ મંત્રીશ્વર ઉદાયન થયો. આમાં સ્પષ્ટ દેખાઈ આવે તેમ છે કે પુષ્પ સંખ્યામાં રાચવાનું નથી પણ જે કંઇ છે તે ન્યાયપૂર્વક પેદા કરેલી લક્ષ્મીવડે કરાતા કાર્યથી અને તેમાં પણ હૃદયના ઉલ્લાસ સહિતની કરણીથી જ.

દીવા સરખી આ વાત નેત્રો સામે છતાં હજુ પણ આપણે ફુલો સંબંધી દોષો સેવ્યા જ કરીશું. આ વીસમી સદીમાં પણ આપણા ચક્ષુઓ વિવેકરૂપી તેજથી દીપ્તિમંત નહીં થાય! તો પછી પૂજનની સફળતા કેવી રીતે સંભવી શકે?

લે૦ **ચોકસી.**

# વર્ત્તમાન સમાચાર

## રાજપુરમાં પ્રવેશ અને દીક્ષા મહોત્સવ.

કાર્તક વદિ ૩ ના દિવસે પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય ગુરૂદેવ શાન્તમૂર્તિ મહારાજશ્રી હંસવિજયજી સાહેબ તેમજ પુનિત મુનિરાજ પંન્યાસજી શ્રી સંપતવિજયજી મહારાજ આદિ પૂ. મુનિરાજોનો ચતુર્વિધ સંઘ સાથે ઠાઠમાઠથી પ્રવેશ થયો હતો. વદિ ૪ ના દિવસે ઘણી જ ધામધૂમથી દીક્ષા લેનાર શ્રીમતી શ્રાવિકા મેનાબાઇનો દીક્ષામહોત્સવનો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો અને ઉપરોક્ત મહારાજશ્રીજીના ઉપદેશથી પ્રાચીન તીર્થશ્રી રામસેનમાં સાધારણ ખાતે રૂપૈયા ૧૦૦ અંકે સો.ની મદદ દીક્ષા લેનાર બાઇએ આપી હતી. વદિ ૫ ની નોકારશીનું જમણ પણ કરવામાં આવ્યું હતું. તે જ દિવસે સવારના અશોક વૃક્ષ નીચે પૂજ્યશ્રીજી હંસવિજયજી મહારાજ સાહેબશ્રીના અધ્યક્ષપણા નીચે મહારાજશ્રી પંન્યાસજી શ્રી સંપતવિજયજી સાહેબશ્રીની શિષ્યા તરીકે તેનું નામ હેતશ્રી રાખવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મુંબઇશ્રી ગોધારી વીશાશ્રીમાળી જૈન દવાખાનું.

સં. ૧૯૮૭ ની સાલનો સાતમો વાર્ષિક રીપોર્ટ. મુંબઈ શહેરમાં અનેક શ્રીમંતો છતાં જૈન કોમની તંદુરસ્તી બાબતમાં જોઇએ તેવા સાધનો નહોતાં તેવા સમયમાં જૈન કોમ માટે આ દવાખાનાનો જન્મ સાત વર્ષ થયા આશિર્વાદરૂપ થઇ પડયો છે. દવાખાનું ચલાવવા માટે થતા ખર્ચના કાયમનાં ફીકર મટે તેવી સ્થિતિ હજી ઉપસ્થિત નથી થઇ છતાં કાર્યવાહકોના તીવ્ર લાગણી અને સેવાભાવને લઇને ભંડોલ એકઠું કરવા સાથે સાથે દવાખાનું પણ વ્યવસ્થીત ચલાવે જાય છે. હવે આ દવાખાનાની કાયમ માટેની વીશાશ્રીમાળી જ્ઞાતિ કે અવર કોઇ પણ જૈન બંધુએ એવી એક રકમ બક્ષીસ આપવી કે આ દવાખાનું કાયમ માટે સ્થિર થાય અને અન્ય બંધુઓ પણ વિશેષ લાભ લે. તેની વ્યવસ્થા-વહીવટ યોગ્ય વ્યવસ્થાપૂર્વક અને સંતોષકારક છે. હવે જે અમારે સૂચવવાનું કે તે એ છે કે જૈન પ્રજાની વસ્તીની ગણત્રીની પ્રથમ જરૂર છે. આજે સુમારે પચાસ વર્ષના વસ્તી-ગણત્રીના આંકડા તપાસતાં જૈન પ્રજા ઘટતી જાય છે, જેથી આપણી જૈન વસ્તી-ગણત્રીના અનેક લાભો જેવા કે કોમની અભણ સ્થિતિ, કેળવણી, તંદુરસ્તી, બેકારી, ઉદ્યોગિક સ્થિતિ વગેરેનું મોટી અગત્યતા ધરાવનાર કાર્યો હોવાથી બરાબર સમજી જવાબદાર સંસ્થાઓએ તે કાર્ય ઉપાડી લેવાની જરૂર છે. દિવસાનુદિવસ જૈનોની સંખ્યા ઘટતી જાય છે, તેનું ભાન જૈન વસ્તી-ગણત્રી અને જૈનોમાં કેળવણી સંખ્યાના પ્રખર અભ્યાસી બંધુ નરોત્તમદાસ બી. શાહે કરાવ્યું છે તે ધન્યવાદને પાત્ર છે અને તેમના કાર્યોને અંતઃકરણપૂર્વક ટેકો આપીએ છીએ અને તેમના તે કાર્યમાં સફળતા મળે એમ અમો ઇચ્છીએ છીએ. બીજું કાર્ય જૈનો માટે સસ્તા ભાડાની ચાલીઓ બાંધવાની મુંબઇમાં આવશ્યકતા દર્શાવવા આજે વીશ વર્ષથી લેખો લખી જૈન કોમનું ધ્યાન ખેંચવામાં આવે છે. મુંબઈ શહેરમાં સામાન્ય સ્થિતિના જૈનોના નિવાસ માટે કેટલી હાડમારી છે ? ભાડાની કેટલી મોંઘવારી છે ? જગ્યાની કેટલી તંગાશ છે ? તેમજ છેવટે અતિ સંકોચથી રહેતાં તંદુરસ્તીને નુકશાન પહોંચતા પૂરતા અજવાળા ને હવાના અભાવે મોટી સંખ્યામાં મરણને શરણ થાય છે, તેથી શ્રીમંત બંધુઓ આપણા પોતાના ભાઇઓની સગવડ સસ્તા ભાડાની ચાલી બાંધી તેઓને સગવડ આપી ખરેખરો આશિર્વાદ લેવા પુણ્ય બાંધવા જેવું છે. ઉપરોક્ત બંને કાર્યો વહેલામાં વહેલી તકે આપણે હાથ ધરવાની જરૂર છે. બંધુશ્રી નરોત્તમદાસ બી. શાહ આવા પુણ્યકાર્યના ભોમીયા તરીકે તેનો અભ્યાસ કરી જૈનકોમ સમક્ષ કરવા જેવા આ કાર્યોને માટે લેખોદ્વારા જે અપીલ કરી છે તેનો સંતોષકારક જવાબ જૈન કોમે આપવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**૧ શ્રી જૈન સાહિત્યની કથાઓ ભાગ ૧ લો**—લેખક અને પ્રકાશક જીવનલાલ છગનલાલ સંઘવી, શિક્ષક છીપાપોળ જૈનશાળા અમદાવાદ–કીંમત પાંચ આના જેમાં સતી સીતા, નળ,દમયંતી, હરિશ્ચંદ્ર તારામતી, અકળશા શેઠ, અષાઢાભૂતિ અને ઉત્તરકુમાર એ છ કથાઓ સંક્ષિપ્તમાં અપાવામાં આવેલ છે. બાળજીવો માટે શ્રદ્ધા થવાની પ્રથમ ભૂમિકા તરીકે ચરિતાનુયોગ ખાસ ઉપયોગી છે. લેખક આ કથાઓ માટે પ્રસ્તાવનામાં આ સર્વજ્ઞ કથિત વાણી નથી પરંતુ મૂળભૂત સિદ્ધાંતોને અવલંબી શાસ્ત્ર અને સમયના જાણ મુનિવરોએ રચેલા રાસોમાંથી છે એમ જ જણાવે છે તો આ ગ્રંથમાં આવેલ કથાઓ સર્વજ્ઞકથિત નથી એમ શા ઉપરથી કહે છે તે માટે લેખક વિશેષ ખુલાસો હાલ અથવા તેના બીજા ભાગમાંપ્રગટ કરશે એમ ઇચ્છીએ છીએ.

**શ્રી ન્યાયવિજયજીનું મુંબઇનું ચાતુર્માસ**—સંવત ૧૯૮૭ ના ચાતુર્માસમાં તેઓશ્રીએ આપેલા સાર્વજનિક વ્યાખ્યાનો, સંગ્રાહક અને પ્રકાશક વર્ગ–મુંબઈ કોટના લાધજીભાઇ કેશવજી, વન્દ્રાવનદાસ મદનજી શાહ, રણછોડલાલ છોટાલાલ અને દુલભદાસ ઝવેરચંદ શાહ (મૂલ્ય રૂા. ૨॥) મુંબઇમાં જુદા જુદા સ્થળોએ જૈન અને જૈનેતર આગેવાનો અને મુખ્ય રાષ્ટ્રસેવકોની વચ્ચે ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રીય જે જે ભાષણો અને સંદેશાઓ આપ્યા તેનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. કેટલાક શાસ્ત્રીય દષ્ટિએ, કેટલાક રાષ્ટ્રીય દષ્ટિએ અને કેટલાક સમયને અનુસરીને ભાષણો આપ્યા છે; જે મનનીય છે; તેટલુંજ નહિં પરંતુ મહારાજશ્રીના તે ભાષણોએ જૈનેતરોને મુગ્ધ બનાવ્યા છે અને તેઓશ્રીની વિદ્વતા તેમાં તરી આવે છે. આ ભાષણનો સંગ્રહ ખાસ વાંચવા યોગ્ય છે. તેના સંગ્રાહક અને પ્રકાશકોનો આ પ્રયત્ન પ્રશંસાપાત્ર છે. આ સંગ્રહ ગ્રંથમાં સ્વર્ગવાસી શ્રી વિજયધર્મસૂરીજીની છબી આપી ગુરૂભક્તિ પણ બતાવી છે. વળી દાનવીર સ્વર્ગવાસી શેઠ શ્રીમાન દેવીદાસ કાનજી કે જેમના વિચારો સમયધર્મ અને રાષ્ટ્રભાવનાને અનુકૂળ હતા તેમના સુકૃતના દ્રવ્યથી તેમના સુપત્ની શ્રીમતી લીલાવતી બ્હેન કે જેમનો ભાવવાહી પત્ર આ ગ્રંથની પાછળ વાંચવા યોગ્ય આપવામાં આવ્યો છે અને તેમના પૂજ્ય પતિદેવના સ્મરણાર્થે તેમણે આ ગ્રંથ છપાવવા આર્થિક સહાય આપી છે, તેમને આ ગ્રંથ તેમની છબી સાથે સમર્પણ કરવામાં આવ્યો છે. છેવટે ભાષણકાર મુનિરાજશ્રીની છબી આ ગ્રંથમાં આપી બાહ્ય અને આંતર સુંદરતાપૂર્વક પ્રગટ થયેલ આ સંગ્રહ ઉપયોગી બનાવ્યો છે.

**૩ તત્ત્વત્રયી મીમાંસા–ખંડ ૧ લો તથા ૨ જો**—લેખક શ્રીમદ્‌વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના લઘુશિષ્ય મુનિરાજશ્રી **અમરવિજયજી મહારાજ.** પ્રસિદ્ધકર્ત્તા શાહ નાથાભાઇ મોતીચંદ તથા શાહ હિંમતલાલ જી. માસ્તર જૈન સંઘ સમસ્ત (સિનોર) કિંમત પાંચ રૂપૈયા. આ ગ્રંથમાં દેવ–ગુરૂ–ધર્મનું સ્વરૂપ જૈન–વૈદિક તુલનાત્મક દષ્ટિએ બહુ જ વિદ્વતાપૂર્ણ રીતે મધ્યસ્થ દષ્ટિવાળા જનસમુદાય પછી તે જૈન હો કે જૈનેતર હો પણ નિષ્પક્ષપાતપણે વાંચનારને અપૂર્વ જ્ઞાન આપનારો થઇ શકે તે રીતે વિસ્તારપૂર્વક લેખક મહાત્માએ તૈયાર કર્યો છે. તત્ત્વવેત્તાઓ જણાવે છે કે અગીયારમા તીર્થંકર ભગવાન પછીથી સર્વજ્ઞોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વો તથા ઇતિહાસમાંથી મરજી પ્રમાણે એકઠું કરી જે અત્યારે આડું અવળું સમજાવે છે તેનો સ્ફોટ ઉપરોક્ત બંને દર્શનોના સિદ્ધાંતોની તુલના થતાં તત્ત્વત્રયીનું ખરૂં સ્વરૂપ શું છે તે જણાવવા માટે જ લેખક મહાત્માનો આ ઉપકારક પ્રયત્ન છે. આ ગ્રંથના ૧૯૬ પાનામાં આપેલ પ્રસ્તાવના કે જે ગ્રંથની પ્રવેશિકારૂપ છે તે ખાસ વાંચવા જેવી આપેલી છે, જે વાંચકે ગ્રંથની શરૂઆત કરતાં પહેલા વાંચવા સૂચના કરીએ છીએ ગ્રંથમાંનુ અધ્યયન કરતાં જૈન તથા જૈનેતર શાસ્ત્રોના દષ્ટાંતો, સાધનો, તત્ત્વો અને વિવિધ હકીકતોનું જ્ઞાન થાય છે અને મનનપૂર્વક આખો ગ્રંથ વાંચતા–વિચારતાં તત્ત્વત્રયીનું સત્ય સ્વરૂપ જૈન દર્શનમાં જ છે એવું ભાન થાય છે અને જિજ્ઞાસુ અને ઇચ્છકને તે પ્રાપ્ત થાય છે. ગ્રંથમાં સ્વર્ગવાસી ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજની છબી સાથે લેખક મહારાજશ્રીએ ગુરૂભક્તિ દર્શાવવા સાથે પ્રકટકર્તાઓએ લેખક મુનિમહારાજની છબી આપી ગ્રંથનું ગૌરવ વધાર્યું છે.

૪ **શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ પાલીતાણા**—સં. ૧૯૮૬–૮૭ નો રીપોર્ટ તથા હિસાબ પ્રસિદ્ધ કરનાર **ભાઇચંદ નગીનભાઇ**, ઝવેરી, **ચીનુભાઈ લાલભાઇ** શેઠ તથા શેઠ **નાનજીભાઇ લાધાભાઇ** ઓનરરી સેક્રેટરીઓ. શ્રી પાલીતાણામાં છવીશ વર્ષ થયાં આ સંસ્થા સ્થાપન થઇ છે. હાલમાં રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે શુમારે નેવું બાળકોની સંખ્યા લાભ લે છે. પાલીતાણા શું પરંતુ ભારતવર્ષના દરેક વિભાગમાં જૈનોના બહોળી વસ્તીવાળા ભાગમાં બાળકોને પોષતી–શિક્ષણ આપતી આવી અનેક સંસ્થાઓની જરૂર છતાં ગણીગાંઠી નાની સંખ્યામાં અને અમુકજ ભાગમાં છે. હવે એવો વખત આવી લાગ્યો છે કે અનેક આવી સંસ્થાઓને જન્મ આપવા જરૂર છે.

આ સંસ્થાના મૂળ સંસ્થાપકોના સ્વર્ગવાસ પછી પણ પાછળ અત્યારસુધીની સ્થિતિ તેની જળવાઇ રહી છે તે માટે તેના ભૂતકાળ અને વર્તમાન કાળના કાર્યવાહકોની લાગણી માટે ખુશી થવા જેવું છે. નાના ગામડાઓમાં જ્યાં ખાવાપીવાના સાધનો ઓછા હોય ત્યાં શિક્ષક અને ધાર્મિક સંસ્કારની તો આશા કયાંથી રાખી શકાય? તેવી સ્થિતિમાં તેવા ગામડાઓનાં બાળકો જ્યાં પોષાય શિક્ષણ પામે તે જ આવી સંસ્થાઓની જરૂરીયાત દેખાડે છે. આ સંસ્થાની વિશેષ પ્રગતિ માટે શ્રીમાન્ ઓનરરી સેક્રેટરીઓ વારંવાર તે સંસ્થામાં જઇ બાહ્ય અને આંતરિક વ્યવસ્થા સ્વતઃ તપાસી સુધારોવધારો કરે તે આવકારદાયક છે. દરેક પ્રકારની મદદ આપવા જરૂર છે અને ભવિષ્યમાં અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીયે.

૧ **શ્રી જલમંદિર–પાવાપુરી, ૨ શ્રી સમેતશિખરજી તીર્થ** અને ૩ **ગૌતમસ્વામીની** વિવિધ રંગથી સુશોભિત આકર્ષક જિનમંદિર પૌષધશાળા, ઉપાશ્રય અને મનોમંદિરમાં શોભે તેવી છ છબીઓ અમોને ( પ્રગટકર્ત્તા ) નથમલજી ચાંડલીયા કલકત્તા તરફથી ભેટ મળેલી છે. બંને મંદિરના સંપૂર્ણ દેખાવ સાથે વ્યુ પણ બહુ જ સુંદર આપવામાં આવેલ છે. રંગ પણ કળાની દષ્ટિએ આપવામાં આવેલ છે. ખાસ ખરીદવા અને નિત્ય દર્શન કરવા લાયક છે. કિંમત દરેકના આઠ આના. આવી સુંદર છબીઓ પ્રકટ કરનાર ઉત્તેજનને પાત્ર છે એમ સૂચવીએ છીએ મળવાનું સ્થળ–પ્રકટકર્ત્તાને ત્યાંથી તથા જૈન આત્માનંદ સભા–ભાવનગરમાંથી મળશે.

For Private And Personal Use Only

# આજના અંકના વધારો.

જરૂર વાંચો! જરૂર વાંચો !!

## અદ્ભૂત સામાજીક નવલકથા.

### ભાગ્યગૌરી અથવા વર્ત્તમાન સમયની વિલક્ષણતા.

(સચિત્ર)

આ અત્યુત્તમ બોધદાયક પુસ્તકની ઉપોદ્ઘાત વિદ્વાન સાક્ષર રા. રા. શ્રીયુત્ મગનભાઇ ચતુરભાઈ પટેલ (બેરીસ્ટરે) લખી છે. આર્ય સન્નારીનું ગૃહજીવન સુંદર રીતે આલેખી, સંસારમાં સુખ દુઃખ, પ્રેમ અને ત્યાગ, દુઃખમાં ધીરજ અને સુખમાં નિરભિમાનપણે રહી જીવન સાફલ્યનો મંત્ર આબેહુબ રીતે બતાવ્યો છે. તે સિવાય લક્ષ્મીવાનોની લીલા, મોહનું મનુષ્યત્વ, હાય દરિદ્રતા, દુઃખી દંપતી, આર્યનારી ધર્મ વિગેરે ઉત્તમ પ્રકરણોથી સુશોભિત, ગૃહ લાયબ્રેરીના શણગારરૂપ, આ પુસ્તક અવશ્ય ખરીદો. ૩૫૦ પૃષ્ઠ, ૭ સુંદર ચીત્રો, છતાં કિંમત ફક્ત રૂપીઓ દોઢ. પોસ્ટેજ અલગ.

મફત! મફત! મફત!

### શ્રી ધન્ના શાળીભદ્રનો રાસ (સચિત્ર)

સુપાત્ર દાનનો અપૂર્વ મહિમા દર્શાવનાર, કર્મના અચળ સિદ્ધાંતો રજુ કરનાર, અનેક રાગરાગણીઓથી ભરપુર આ ઉત્તમ ધર્મ ગ્રંથ અવશ્ય વાંચો, જેમાં ધન્નાનું પરાક્રમ, ત્હેનું બુદ્ધિબળ, કળાકૌશલ્ય, ઉદારતા, સંપૂર્ણ સુખ સાહ્યબી છતાં સંસારત્યાગ વિગેરેનો આબેહુબ ચિતાર તમારૂં હૃદય ડોલાવી મૂકશે. સુંદર ભાવવાહી ચિત્રો, પાકું પુંઠું, ૩૦૦ પૃષ્ટ છતાં કિં.. માત્ર રૂ. ૧॥ પરંતુ અમારૂં 'સઝાયમાળા ભાગ ૨ જો' નામનું સચિત્ર પુસ્તક જેની કિંમત રૂ. ૨) છે. તે મંગાવનારને આ પુસ્તક મફત (ભેટ) મળશે. માટે આજેજ રૂ. ૨-૬-૦ (પોસ્ટેજ સાથે)નો મનીઑર્ડર મોકલી બંને પુસ્તકો મંગાવી લ્યો.

લી. બાલાભાઈ છગનલાલ શાહ

પુસ્તકો પ્રગટ કરનાર અને વેચનાર

ઠે. ફીકાભટ્ટની પોળ, અમદાવાદ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જરા વાંચવા તસ્દી લેશો !!!

## જૈન ધર્મના અત્યુત્તમ પુસ્તકો મળવાનું જુનું ઠેકાણું.

| | મૂળ કીંમત. | ઘટાડેલી. |
|---|---|---|
| જૈન સઝાયમાળા ભા. ૧-૨-૩-૪ દરેકના | ૨-૦-૦ | ૧-૮-૦ |
| તિર્થંકર ચરિત્ર ( સચિત્ર ) આવૃત્તિ બીજી | ૨-૮-૦ | ૨-૦-૦ |
| જૈન કથા સંગ્રહ ભાગ ૧ લો આવૃત્તિ ત્રીજી | ૧-૮-૦ | ૧-૦-૦ |
| કૃતઘ્ની કેસર | ૧-૮-૦ | ૧-૪-૦ |
| સદ્‌ગુણી સુશીલા | ૧-૪-૦ | ૧-૦-૦ |
| પ્રતિભા સુંદરી અથવાપૂર્વ કર્મનું પ્રાબલ્ય | ૧-૮-૦ | ૧-૪-૦ |
| જૈન ધર્મ | ૨-૦-૦ | ૧-૧૨-૦ |
| જૈન સતિ રત્નો ( સચિત્ર ) | ૧-૪-૦ | ૧-૦-૦ |
| જૈન સતિ મંડળ ભા ૧ લો | ૧-૪-૦ | ૧-૦-૦ |
| જૈન સ્તુતિ શાસ્ત્રી | ૦-૯-૦ | ૦-૮-૦ |
| કર્મ પરીક્ષા ( દૈવી ચક્રનો ચમત્કાર ) | ૨-૦-૦ | ૧-૮-૦ |
| યોગશાસ્ત્ર કેશરવિજયજી કૃત | ૨-૦-૦ | ૧-૧૪-૦ |
| મલયા સુંદરી આદર્શ નૉવેલ | ૧-૪-૦ | ૧-૩-૦ |
| તેજસાર રાજાનો રાસ ( મૂળ કિં. ૧-૦-૦) | ૦-૯-૦ | ૦-૮-૦ |
| અમૂલ્ય શિક્ષા (મૂળ કિં. ૦-૮-૦) | ૦-૮-૦ | ૦-૪-૦ |
| મહિલા મહોદય (સચિત્ર) ભા. ૧ લો તથા ૨ જો દરેકના | ૨-૦-૦ | ૧-૮-૦ |
| ધર્મ બિન્દુ | ૨-૦-૦ | ૧-૮-૦ |
| વૈરાગ્યશતક ભાષાંતર કથાઓ સાથે | ૧-૮-૦ | ૧-૦-૦ |
| નવસ્મરણ સચિત્ર | ૧-૦-૦ | ૦-૧૨-૦ |
| જૈન સિદ્ધાંતની વાર્તાઓ ભા. ૧ લો તથા ૨ જો | ૧-૦-૦ | ૦-૧૪-૦ |
| બાળ ગ્રંથાવળી ભા. ૧ થી ૫ જૈની કથાઓ દરેક સટમાં વીસ વીસ કથાઓનો સટ ૧) દરેક સેટની કિં. | ૧-૮-૦ | ૧-૪-૦ |
| સુયગડાંગસૂત્રનું ભાષાંતર | ૧-૮-૦ | ૧-૦-૦ |
| સુયગડાંગસૂત્ર વિભાગ ૫ મો મુની—માણેક કૃત | ૧-૮-૦ | ૧-૪-૦ |
| જૈન સુબોધ ભક્તિ માળા | ૦-૫-૦ | ૦-૩-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| | | |
|---|---|---|
| કલ્પસૂત્રનું ગુજરાતી ભાષાંતર સચિત્ર | ૪—૦—૦ | ૩—૦—૦ |
| પુણ્યપ્રભાવ (સમરાદિત્ય સચિત્ર) | ૪—૦—૦ | ૨—૮—૦ |
| ,, ચિત્ર વિનાનું | ૪—૦—૦ | ૨—૦—૦ |
| જૈન મહાભારત પાંડવ સચિત્ર | ૪—૦—૦ | ૩—૦—૦ |
| મહાવીર જીવન વિસ્તાર સચિત્ર | ૨—૦—૦ | ૧—૦—૦ |
| ધન્ના શાળીભદ્રનો રાસ સચિત્ર | ૧—૮—૦ | ૧—૦—૦ |
| જૈન સ્તુતિ ગુજરાતી | ૦—૪—૦ | ૦—૩—૦ |
| જૈન કાવ્ય સંગ્રહ ભાગ ૭ મો મુનીરાજની બુદ્ધિસાગરજી કૃત | ૦—૮—૦ | ૦—૬—૦ |
| કાવ્ય કલ્લોલ | ૦—૩—૦ | ૦—૧—૬ |
| ગામ્યગૌરી સચિત્ર આદર્શ નવલકથા | ૨—૦—૦ | ૧—૮—૦ |
| કનકાવતી મુની બાળવિજય કૃત | ૧—૪—૦ | ૧—૨—૦ |
| વિમલ મંત્રીનો વિજય | ૨—૦—૦ | ૧—૮—૦ |
| જૈન સાહિત્યની કથાઓ ભાગ ૧ લો | ૦—૫—૦ | ૦—૪—૬ |
| રત્ન સેન રત્ન મંજરીનો રાસ | ૦—૪—૦ | ૦—૩—૦ |
| ઉપમીતી ભવપ્રપંચ ભા. ૧—૨—૩ | ૯—૮—૦ | ૯—૦—૦ |
| અધ્યાતમ કલ્પદ્રુમ | ૨—૮—૦ | ૨—૪—૦ |
| અધ્યાત્મ સાર | ૨—૦—૦ | ૧-૧૪-૦ |
| શ્રીપાળ રાજાનો રાસ સચિત્ર | ૩—૦—૦ | ૨—૪—૦ |

ઉપરનાં પુસ્તકો સિવાય મુંબાઈ, ભાવનગર, પાલીતાણા, સુરત, ઇત્યાદી દરેક સંસ્થાઓના છાપેલાં જૈની તેમજ જૈનેતર પુસ્તકો મોટા સ્ટોકમાં મળે છે. એકવાર મંગાવી કામ પાડવા વિનંતી છે. સામટાં લાયબ્રેરી તથા પાઠશાળા સારૂ ઇનામ બદલ મંગાવનારને ખાસ ફાયદાથીજ આપવામાં આવશે.

**તાજા સમાચાર:**—ભારતભૂષણ પંડિત માલવીયાજીના અથાગ પ્રયાસથી કોમીએકયતા થયાના સમાચાર મલ્યા છે.

લી. જુના અને જાણીતા

## બાલાભાઈ છગનલાલ શાહ

પુસ્તકો પ્રગટ કરનાર ને વેચનાર.

ઠે. ફીકાભટ્ટની પોળ—મુ. અમદાવાદ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૂયગડાંગ સુત્ર મૂળનો

# પાંચમો ભાગ.

લેખક:–મુનિ માણેક (ખતરગચ્છ)

પ્રકાશક–શા. ત્રિકમલાલ ઉગરચંદ વકીલ.

સદરહુ સૂયગડાંગ સૂત્રનો પાંચમો ભાગ અધ્યયન ૩ થી ૭ પ્રાકૃતમૂળ સાથે ટીકાના આધારે સ્પષ્ટીકરણથી ગુજરાતી ભાષાંતર કરવામાં આવ્યું છે. દરેક તત્વાભિલાષી જૈને અવશ્ય ખરીદવું જોઈએ.

જેમાં પચ્ચખાણ, આહાર, અનાહાર, જીવ, અજીવ, પુણ્ય, પાપ, લોક, અલોક, બંધ મોક્ષ ઇત્યાદિનું સુંદર રીતે વર્ણન કરવામાં આવ્યું છે. નય, નિક્ષેપ, સ્યાદ્વાદ, પર્યાય, પુદ્ગળ, દ્રવ્ય જ્ઞાન ક્રિયા વિગેરે જૈન તત્વજ્ઞાનનું ઉંડું રહસ્ય બતાવી સર્વજ્ઞ પ્રણિત ધર્મનું આબેહૂબ વર્ણન કર્યું છે.

આ સુત્રમાં પ્રત્યાખાન કરવાની બાબતમાં પ્રત્યાખ્યાન કેટલું ફળદાઈ છે ને પ્રત્યાખ્યાન ન કરનારને કેવી રીતે પાપ લાગે છે તે વિષે સંપૂર્ણ ખ્યાન, સાધુ અનાચાર આશ્રયથી દૂર રહે છે તે વિષે, અનાચાર છોડવા વિશે, મોક્ષ ગામી જીવ નહિ રહે તે ન બોલે, મોટા નાના જીવને હણવાથી સરખું કે ઓછું વધતું પાપ છે તે ન બોલે, આધાકર્મી આહાર ખાવાથી દોષ થાય કે ન થાય તે ન બોલે, પાંચ શરીરનો સંબંધ તેમજ તેની શકિતનું વર્ણન વ્યાપારી લોકો સાથે શ્રી મહાવીરની સરખામણી, માંસ મક્ષણના દોષો, સાધુએ પોતાના માટે રાંધેલુ અનાજ પણ ના ખાવું સારા સાધુની પ્રશંશા વિગેરે ઘણા વિષયો આવેલા છે.

તે સિવાય ઉદકપેઢાલના પ્રશ્નો, શ્રી ગૌતમગણધરનાં ઉત્તરો, આર્દ્રકકુમારનું અધ્યયન, તેહેનો શ્રેણિકપુત્ર અભયકુમાર સાથે થયેલો સંબંધ, ગૌશાલકમત, બાદ્ધમત સમીક્ષા, એકદંડી તથા બ્રાહ્મણો સાથે થયેલા સંવાદો વગેરે વિષયો વાંચવાથી જૈન મતનું અદ્વિતિય સ્વરૂપ જાણી શકશો. પૃષ્ઠ સંખ્યા ૩૫૦ પાકું છીંટનું પુંઠું છતાં કિમત માત્ર રૂપીયો દોઢ.

લખો:

**બાલાભાઈ છગનલાલ શાહ**

જૈન ધર્મના પુસ્તકો પ્રગટ કરનાર અને વેચનાર.

કીકાભટ્ટની પોળ–અમદાવાદ.

એડવાન્સ પ્રીન્ટરી અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રી પ્રભાચંદ્રસૂરિ કૃત—

## શ્રી પ્રભાવકચરિત્ર.

વર્તમાનકાળના પ્રભાવક બાવીશ આચાર્યોના જીવન ઉપર પ્રકાશ પાડતો આ ગ્રંથ સં. ૧૩૩૮ માં લખાયેલ જૈનકથા અને ઇતિહાસસાહિત્યમાં અભિવૃદ્ધિ કરે છે. ઇતિહાસ અને કથા સાથે કવિત્વ પોષવામાં અને સાહિત્યનો રસ જમાવવામાં પણ ગ્રંથકર્ત્તા મહારાજે જેમ લક્ષ આપ્યું છે તેમજ તે વખતના સામાજિક, ઐતિહાસિક, રાજકીય સ્થિતિનો પણ ઉલ્લેખ કરી લેખક મહારાજે પોતાની ઇતિહાસપ્રિયતા સિદ્ધ કરી છે. જેથી ઇતિહાસના પણ ભિન્ન ભિન્ન સમયના સુંદર પ્રકરણો આમાંથી મળી રહે છે જેથી જૈન કે જૈનેતર ઇતિહાસના અભ્યાસી અને લેખકોને આવકારદાયક સામગ્રી આ ગ્રંથ પૂરી પાડે છે. આ મૂળ ગ્રંથ કેટલોક અશુદ્ધ છપાયેલ, તેની શુદ્ધિ માટે તેમજ તેની સુંદરતા અને પ્રમાણિકતામાં વધારો કરવા માટે ઇતિહાસવેત્તા મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજને વિનંતિ કરતાં તેઓશ્રીએ શુદ્ધિ કરવા સાથે ઇતિહાસિક દૃષ્ટિએ પ્રબંધ પર્યાલોચના લખી તેમાં આવેલ ચરિત્રનાયકોનો પરિચય આપવામાં જે શ્રમ લીધેલ છે અને તેને લઇને આ ઇતિહાસિક અને કથાસાહિત્ય ગ્રંથની ઉપયોગીતા અને સુંદર સાહિત્યની અભિવૃદ્ધિ થઇ છે. આ ગ્રંથ માટે અનેક જૈન અને જૈનેતર પેપરોએ પ્રશંસા કરી છે. રોયલ આઠ પેજી સાઠ ફોર્મ પાંચસો પાનાનો ઉંચા કાગળ, સુંદર ગુજરાતી ટાઇપથી છપાઇ આકર્ષક મજબુત બાઇન્ડીંગથી અલંકૃત કરાવેલ છે. કિંમત રૂા ૨–૮–૦ કપડાનું બાઇન્ડીંગ પોણા ત્રણ રૂપિયા. પોસ્ટેજ જુદું.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

---

### શ્રી પ્રાચીન તીર્થોદ્ધાર વાસ્તે દાન કરવા માટે ઉત્તમ સ્થાન.
### શ્રી મારવાડની મોટી પંચ તીર્થી.
### શ્રી રાણકપુરજીનું ભવ્ય દેવાલય.

૧ શ્રી મારવાડ સાદડી ગામથી ૬ માઇલ દૂર શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનું મારવાડ પંચ તીર્થોનું મુખ્ય સ્થાન શ્રી રાણકપુરજી તીર્થ આવેલું છે. તે તીર્થનું ૧૪૪૪ સ્તંભવાળું વિશાળ મંદિર શ્રી નાદીઆ ગામના ધનાશાહ પોરવાડે સ્વપ્નમાં જોયેલા શ્રી નલિનીગુલ્મ વિમાનના આકારનું પંદર કરોડ દ્રવ્ય ખર્ચી સંવત ૧૪૩૪ માં બંધાવેલું અને તેમાં પ્રતિષ્ઠા શ્રી સોમસુરીજીએ સં. ૧૪૯૬ માં કરેલી, તે ભવ્ય દેરાસરનો હાલ જીર્ણોદ્ધાર કરાવવાની આવશ્યક્તા છે. આવા વિશાળ મંદિરના જીર્ણોદ્ધારમાં નાણાની મોટી રકમની મોટી જરૂર પડે તે સર્વે ભાઇઓની જાણમાં છે. આપણી પૂર્વે થઇ ગયેલા પુણ્યશાળી પુરૂષોની જાહોજલાલીના નમુનારૂપ આ મંદિરના જીર્ણોદ્ધારમાં સખી ગૃહસ્થોએ પોતાનો હાથ લંબાવી સારી રકમ આપવાનું પુણ્ય ઉપાર્જન કરવા વિનંતિ છે.

૨ શ્રી એડન દેરાસર તરફથી આ તીર્થના જીર્ણોદ્ધાર સારૂ રૂા. ૨૦૦૦) ની રકમ મોકલી આપવામાં આવી છે.

જે રકમો મોકલો તે શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદના ઉપર મોકલી આપવા તસ્દી લેશોજી.

**પ્રતાપસિંહ મોહોલાલ.**
વહીવટદાર પ્રતિનીધી.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૯. માર્ગશિર્ષ આત્મ સં. ૩૭. અંક ૫ મો.

## સ્વદેશી એટલે માતાનું સ્તનપાન.

" આપણો દેશ આપણી સાથેના સંબંધમાં માતાનું અને પિતાનું સ્થાન ભોગવે છે; અને આપણે આપણા દેશ સાથેના સંબંધમાં તેનાં બાળકોને સ્થાને છીએ. એટલે આપણે આપણી તમામ જરૂરીયાતો માટે પ્રથમ દરજ્જે સદા આપણા પોતાના દેશ ઉપર જ આધાર રાખીએ એ તદ્દન સ્વભાવિક અને સામાન્ય વસ્તુ છે. હિન્દુસ્તાન કોઇ પણ ઉપાયે જે વસ્તુઓ ન જ નીપજાવી શકતો હોય તેટલીજ આપણે ન છુટકે પરદેશી વાપરીએ. આવી પરદેશી વસ્તુઓમાં યે વિલાસનાં સાહિત્યોની ખરીદી ન જ થાય. જે વસ્તુઓ આવશ્યક છે અને આપણી કાર્યશક્તિ વધારે છે તેજ ખરીદી શકાય. લભ્ય હોય તેટલી આપણે કેવળ સ્વદેશી વસ્તુઓ જ ન વપરીએ તો આપણે આપણા દેશ પ્રત્યેના ધર્મપાલનની દૃષ્ટિએ દેશદ્રોહના અને અનીતિના ગુન્હેગાર બનીએ છીએ. "

શ્રી રામાનંદ ચેટરજી.

For Private And Personal Use Only